Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું ] [ અંક ૮ મો.

જ્યેષ્ઠ

ઇ. સ. ૧૯૪૮ ૫ મી જુન

વીર સં. ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૪ મું અંક ૮ મો. | જ્યેષ્ઠ | વીર સં. ૨૪૭૪ વિ. સં. ૨૦૦૪

## अनुक्रमणिका


૧. શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન ... ( શાહ મંગળદાસ બાલચંદ ) ૧૭૫
૨. जैनत्व ... ... ... ... ... ( રાજમલ ભંડારી ) ૧૭૬
૩. श्री शत्रुंजयस्तोत्रम् ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ ) ૧૭૭
૪. સમ્યગ્ દીપક ... ... ... ( અગરચંદ માવજી શાહ ) ૧૭૮
૫. જમના ઝપાટા વિષે ... ... ( મુનિરાજશ્રી વિનયવિજયજી ) ૧૭૮
૬. દેહ-આત્મ-વાદ ... ... ( શ્રી છગરાજભાઇ ઓધવજી દોશી ) ૧૭૯
૭. સંબંધ-મીમાંસા ... ... ( આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૧૮૩
૮. સાહિત્ય વાડીના કુસુમો ... ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૮૯
૯. શ્રી મહાવીર અને જૈન સંસ્કૃતિ : રેડીયો પ્રવચન ... ( મૌક્તિક ) ૧૯૩
૧૦ " કુલક " સંજ્ઞક જૈન રચનાઓ ... ( શ્રી અગરચંદજી નાહટા ) ૧૯૯



## વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત.

આ ગ્રંથની બીજી આવૃત્તિ ખલાસ થઇ ગયાને ઘણો સમય થઇ જવાથી તેની વારંવાર માગણી રહેતી હોવાથી છાપકામ વિગેરેની મોંઘવારી છતાં આ ઉપયોગી ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે. આ જ્યોતિષના અદ્ભુત ગ્રંથમાં બારે માસના વાયુનો વિચાર, સાઠ વર્ષનું ફળ, શનિ નક્ષત્રના યોગનું ફળ, અયન, માસ, પક્ષ, દિન, વર્ષરાજાદિકનો અધિકાર, મેઘગર્ભ, તિથિફળ, સૂર્યચાર, ગ્રહણ, શકુનનિરૂપણ, તેજીમંદી સ્વરૂપ, ધ્રુવાંક, હસ્તરેખા-વિગેરે વિષયોનો સમાવેશ કરેલ છે; છતાં કિંમત રૂા. ૬ાા, પોસ્ટેજ અલગ.

લખોઃ—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## દેવસીરાઈ પ્રતિક્રમણ—સાર્થ.

જેમાં શબ્દાર્થ-અન્વયાર્થ-ભાવાર્થ અને ઉપયોગી ફુટનોટ આપવામાં આવી છે. શ્રી જૈન શ્વે. **એજ્યુકેશન બોર્ડ** અને **રાજનગરની** ધાર્મિક પરીક્ષાનો કોર્સ પણ દાખલ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થઇ પડે તેવી શૈલી રાખવામાં આવી છે; છતાં કીંમત રૂા. ૨-૪-૦ લખો—

**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૪ મું.
અંક ૮ મો

: જ્યેષ્ઠ :

વીર સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪

## શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન

( સાહેબો મારા ગુલાબનાં છોડ—એ રાગ )

દિલડું આજે બન્યું છે અધીર, પાર્શ્વની મૂર્તિ નિહાળવા;
મારે જાવું છે મુક્તિને તીર, ભવો ભવના બંધનને તોડવા. એ ચાલ

વામાના નંદન પ્રભુ નયનોનાં તાર છો,
આપ પ્રભુજી ગરીબનીવાજ છો;
ભૂલું નહિ નામ તારું રાત અને દિન. પાર્શ્વ૦ ૧

પ્રેમે આવ્યો છું પ્રભુ આજ તારા દ્વારમાં,
રહેજો શંખેશ્વરા આપ મારી સહાયમાં;
બાળને કરશો નિરાશ ના લગીર. પાર્શ્વ૦ ૨

દર્શન પ્રભુજી તમે આપતણાં આપજો,
નાનકડી વિનંતી ઉરમાં અવધારજો;
ભવીને લઇ જાવો ભવજળ તીર. પાર્શ્વ૦ ૩

—શાહ મંગળદાસ બાલચંદ—સાણંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैनत्व।

जैनत्व अपनाते वही, सच्चे जगत में जैन है।
जैनत्व से जो दूर हैं, वह जैन ही क्या? जैन हैं ॥ १ ॥
जन हैं साधारण मनुष्य, और जैन में क्या भेद है?
इस समस्या को समझना, सब से पहिले थैन है ॥ २ ॥
ज्ञान क्रिया की दो मात्रा-वाला कहाता जैन है।
मात्रा नहीं वह जन कहाता, इस में नहीं संदेह है ॥ ३ ॥
सुदेव, सुगुरु, सुधर्म का, सच्चा उपासक जैन है।
कुदेव, कुगुरु, कुधर्म का, मिथ्या जैन की पेक कैन है ॥ ४ ॥
समदृष्टि से जग को निहाले, आदर्श ही वह जैन है।
है माननीय सब के लिये, इस में नहीं संदेह है ॥ ५ ॥
जीवन बना जीनका दयामय, वह जैनत्वशाली जैन है।
अपनाई नहीं जीसने अहिंसा, वह जैन ही क्या जैन है ॥ ६ ॥
प्रमाणिक नहीं जीवन जिन्हों का, नहीं योग्य ही वह जैन है।
मृषावाद का परिहार करते, वो ही प्रमाणिक जैन है ॥ ७ ॥
अदत्त के जो कार्य करते, कैसे कहें वह जैन हैं?
अदत्त को जो धूल समझे, वो ही सच्चे जैन हैं ॥ ८ ॥
परनारी से जो प्रेम करते, और बनते जैन हैं।
वह जैनत्व (!) को लांछन लगाते, इससे सब बेचैन हैं ॥ ९ ॥
मर्यादित नहीं है लोभ जिन का, वह जैन नहीं अजैन हैं।
है आकांक्षा मर्यादित जिन्हों की, वह श्रेष्ठतम ही जैन हैं ॥ १० ॥
देशविरति को ग्रहण कर, तत्व का ही ध्येय है।
वह विवेकी विश्व में, सब के लिये श्रद्धेय हैं ॥ ११ ॥
दीन दुःखी निरपराधी की, अनुकंपा करते जैन हैं।
क्रूर आततायी अन्यायी पर, नहीं रहम करते जैन हैं ॥ १२ ॥
जैनत्व और वीरत्व से, जीवन बिताते जैन हैं।
कायर नहीं मांयकांगले, बनते कभी नहीं जैन हैं ॥ १३ ॥
देश राष्ट्र समाज की, सेवा को तत्पर जैन हैं।
एकान्तवादी जैन नहीं, स्याद्वादवाले जैन हैं ॥ १४ ॥
प्राचीन उन इतिहास में, वीरत्वशाली जैन है।
प्रभु वीर के सिद्धान्त में, सब वीरवर ही चैन है ॥ १५ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्रभु वीर के सिद्धान्त के ही, सब उपासक जैन है।
कायर बताते जैन को, वह मिथ्या कहते वैन हैं ॥ १६ ॥
त्याग और वीरत्व से, परिपूर्ण साहित्य यैन है।
इसमें रमण करते सदा, जैनत्वशाली जैन है ॥ १७ ॥
हो गये इनमें कुंवरजी*, जो 'राज' के आदर्श थे।
धर्ममय जीवन बना, "जैनत्व" से परिपूर्ण थे ॥ १८ ॥

राजमल भंडारी-आगर (मालवा)

* स्वर्गस्थ श्रीयुत् कुंवरजीभाई आणंदजी।

## श्रीशत्रुंजयस्तोत्रम्।

(उपजातिवृत्तम्)

शत्रुंजयो नाम नगाधिराजः सौराष्ट्रदेशे प्रथितप्रशस्तिः।
तीर्थाधिराजो भुवि पुण्यभूमिस्तत्रादिनाथं शिरसा नमामि ॥ १ ॥
अनंततीर्थाधिपसाधुवृंदैर्या सेविता शांतितपाभिवृध्यै।
सा पुण्यभूमिर्वितनोतु सौख्यं जिनादिनाथं शिरसा नमामि ॥ २ ॥
अनेकराज्याधिपमन्त्रिमुख्यैर्विनिर्मिता सुंदरचैत्यपंक्तिः।
स्वर्भूमितुल्या भुवि सुप्रसिद्धा तत्रादिनाथं शिरसा नमामि ॥ ३ ॥
विश्रामधामो मुनिसाधकानां संसारतापैर्हतसाधकानाम्।
यो यानतुल्यो भवजालमार्गे जिनादिनाथं शिरसा नमामि ॥ ४ ॥
या पादपद्मैः पुनिता सुभूमिरनंतयोगीमुनिभिर्नितान्तम्।
आकर्षणं चुम्बकरत्नतुल्यं तत्रादिनाथं शिरसा नमामि ॥ ५ ॥
निसर्गरम्योदितनाकतुल्या गिरीन्द्रसौगंधितवृक्षराजिः।
विचित्रवर्णैः सुमनोहरा च तत्रादिनाथं प्रणमामि नित्यम् ॥ ६ ॥
शचीन्द्रदेवैः परिवेष्टिताश्च नृत्यन्ति शृङ्गारभृताः सुभक्त्या।
कुर्वन्ति वृष्टिं मधुगन्धपुष्पैस्तत्रादिनाथं प्रणमामि नित्यम् ॥ ७ ॥
स्वजीवितं पावनतामुपैति ये पूजयन्ति प्रभुपादयुग्मम्।
श्रीनाभिपुत्रं प्रथमं जिनेन्द्रं युगादिनाथं शिरसा नमामि ॥ ८ ॥

—बालेन्दुः (साहित्यचंद्र)।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સમ્યગ્ દીપક

અંતરને આંગણે દીપક-તણો પ્રકાશ કરવાને;
અનાદિ અંધકારોનો, અનંતો ત્રાસ મટવાને. ૧
અનંતા કર્મનાં જાળાં, પ્રકાશિત જ્યોતિ આવરતાં;
અહા ! અજ્ઞાન અંધારે, અનંતા દુઃખને સહતાં. ૨
વહાવી જ્ઞાનનું પાણી, પ્રગટ પ્રકાશ પિછાણી;
ઉટકીને કાચ કર્મોનાં, જગાવો જ્યોતિ જે જાણી. ૩
માનવ દેહ દીવડીએ, અંતર્મુખ ગેગ દાવેલથી;
શુદ્ધાતમ સ્વરૂપની જ્યોતિ, પ્રગટ કરો ધ્યાનનાં બળથી. ૪
વિકલ્પ વાયુતણો સંચાર, સંવરની ચીમની રોકે;
દરિશન જ્ઞાન ચારિત્ર, સમ્યક્ ત્રિલોકને દેખે. ૫
રાગદ્વેષની મેષો, ઉપયોગથી ઉખેડીને;
નિરંતર જ્યોતિની અંદર, નિજાનંદને સ્વીકારીને. ૬
અહા ! એ પ્રેમ દીવડીઓ, અજ્ઞાન અંધકાર વણસાડે;
અનાહત શાંતિ પ્રસરાવી, જીવનની જ્યોતિ જગાડે. ૭
ચિદાનંદ સ્વરૂપનાં લક્ષે, શુદ્ધાતમ ભાવને જોડી:
નિર્વિકલ્પતણાં કિરણ, 'અમર' પ્રગટાવજો દોડી. ૮

અમરચંદ માવજી શાહ

---

## જમના ઝપાટા વિષે

જમ દે નિત્ય ઝપાટા રે, કોઇ ચેતણહારા ચેતો;
જમ દે નિત્ય ઝપાટા રે. (ટેક) (૧)
ઠીઠી ઠીઠી દાંત કરો શું, પળમાં બગડે પીઠી:
દીઠી દીઠી ઘણાની બગડી, ઝડપ આવી ગઇ ચીઠી. જમ દે૦ ૧
માતપિતા જાણે સુત માહરો, થાય દિન દિન મોટો;
મહોત નજીક આવે છે એક દિન, ખેલ થશે ભાઇ ખોટો. જમ દે૦ ૨
બંધવ જાણે બંધવ મારો, જીવો જુગાજુગ જોડી;
કાળ અચાનક આવી પકડશે, તરત નાખશે તોડી. જમ દે૦ ૩
નારી જાણે મુજ નાવલિયો, અમર તપો અવિનાશી;
એક દિન ઝાંટિયાં ઝડપ ઉતરશે, કરશે કાળ ઉદાસી. જમ દે૦ ૪
સોળ અંગ શણગાર સજીને, રોળડ શાં શું રીઝો ?
એક દિન બાલ વેરાગણ બનવું, વેશ બદલવો બીજો. જમ દે૦ ૫
દર્પણ લઇ શું મુખડું દેખો, સમજો જમના શહેમાં;
એક દિન કરશે કાળ હળાહળ, ઝડપ સુવાડે ચેહમાં. જમ દે૦ ૬
દાર પુત્ર પરિવાર તજીને, જાવું મિલકત મેલી;
રૂખિરાજ પરમાત્મા વિના, નથી કોઇ બરાબર બેલી. જમ દે૦ ૭

મુનિરાજ શ્રી વિનયવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેહ—આત્મ—વાદ

લેખક:—શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી.

જડ અથવા પુદ્ગલમાંથી ચૈતન્ય અથવા જીવ ઉદ્ભવે છે કે પુદ્ગલ અને જીવ સ્વતંત્ર તત્ત્વો છે–આ તત્ત્વજ્ઞાનમાં ચર્ચાતો જૂનો સવાલ છે. પ્રત્યક્ષ રીતે જોતાં દેહથી આત્મા ભિન્ન જોવામાં આવતો નથી. દેહ સાથે ચેતના ઉત્પન્ન થાય છે, અને દેહનો વિલય થતાં ચેતના નષ્ટ થતી જોવામાં આવે છે. જે જ્ઞાનની ચર્ચા ગણધરોએ શ્રી મહાવીર ભગવાન સાથે કરેલ તેમાં પ્રથમ જ સવાલ ગૌતમ ગણધરે કરેલ કે–જીવ જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ છે? દેહથી પ્રત્યક્ષ રીતે જીવ ભિન્ન જોવામાં આવતો નથી, અનુમાનથી પણ સિદ્ધ નથી અને આગમોમાં પરસ્પર વિરુદ્ધ વચનો છે, એટલે દેહથી જીવ ભિન્ન છે કે અભિન્ન તેનો સંશય રહે છે. પહેલા ગણધરવાદમાં આ સવાલ તેના બધા સ્વરૂપમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યકમાં ચર્ચેલ છે અને પ્રત્યક્ષ અનુમાન અને આગમ પ્રમાણોથી જીવનું સ્વતંત્ર વ્યક્તિત્વ સાબિત કરેલ છે. ત્રીજા ગણધરવાદમાં આ સવાલ બીજી રીતે ચર્ચવામાં આવ્યો છે. જીવન્તશરીર( Living organism )માં દેહથી જીવ ભિન્ન છે કે શરીર જ જીવ છે એવો સંશય ઊભો કરવામાં આવ્યો છે.

**तज्जीव तस्सरीरं ति संसओ**—તે જ વસ્તુ જીવ છે અને તે જ શરીર છે. પહેલા ગણધરવાદની ચર્ચામાં અને ત્રીજા ગણધરવાદની ચર્ચામાં ભેદ એટલો છે કે–પહેલામાં મુખ્ય ચર્ચા પુદ્ગલથી જીવ જેવું ભિન્ન સ્વતંત્ર તત્ત્વ છે કે નહિ તેને અંગે છે. ત્રીજા ગણધરવાદમાં જીવન્ત–સચિત્ત દેહનું બંધારણ જે પ્રત્યક્ષ દેખાય છે તે શરીરબંધારણને ચર્ચાનો મુખ્ય વિષય કરી, જીવન્ત શરીરમાં જે ચેતનાદિ ગુણો જોવામાં આવે છે તે ગુણો પૌદ્ગલિક દેહના છે–પૌદ્ગલિક દેહમાંથી ઉદ્ભવેલા છે કે જીવ જેવા બીજા કારણથી ઉત્પન્ન થયેલા છે તેને અંગે છે. દેહમાં ચેતના દેખાય છે, ચેતનાનો આધાર પંચમહાભૂતનું બનેલ શરીર છે, કે મહાભૂતથી વ્યતિરિક્ત જીવ જેવો પદાર્થ ચેતનાનો આધાર છે.

આ સવાલ આધુનિક માનસશાસ્ત્રીઓ( Psychologists )એ પણ અવલોકનદ્વારા અને પ્રયોગોથી નિરાળી ચર્ચેલ છે. તેઓએ એવો મુદ્દો મૂકયો છે કે–મન દેહનો ફકત એક અંશ છે કે મન દેહથી ભિન્ન છે. Is mind an aspect of the body, or distict from the body? અહીં મન–mindનો અર્થ ચેતનાદિ ગુણોનો આધાર સમજવાનો છે, અર્થાત્ મન શબ્દને જીવનો પર્યાય ગણવાનો છે. જૈન પરિભાષામાં જેને દ્રવ્યમન કહેવામાં આવે છે, તે અર્થ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવાનો નથી પણ ભાવમન અર્થાત્ જીવ–આત્માના અર્થમાં મન( mind ) લેવાનું છે.

જે માનસશાસ્ત્રીઓ મનને દેહનો એક અંશ જ માને છે, દેહથી વ્યતિરિક્ત તત્ત્વ માનતા નથી, તેઓનું કહેવું એવું છે કે મન જેવો કોઇ પદાર્થ નથી, અને મન છે એમ માનીએ તો પણ મનનું કાર્ય દેહમાં જે પ્રયોગ બને છે તેનો ફક્ત નોંધ કરવા પૂરતું છે, તેનું નિયંત્રણ કરવાનું કે તેમાં નવું સર્જન કરવાનું નથી. જેવી રીતે તાર–માસ્તર તેના યંત્રદ્વારા આવતા સંદેશાઓ ઝીલે છે, તેનો નોંધ કરે છે અને લાગતાવળગતાને તેમાં કાંઇપણ ફેરફાર કર્યા વિના મોકલે છે, તેવી રીતે શરીર અને ઇંદ્રિયોદ્વારા બહારના જગતના આવતા સંદેશાઓ શરીરના જ્ઞાનતંતુઓદ્વારા મગજને પહોંચે છે, અને મગજ તેનો નોંધ લે છે, તેમાં પ્રકાશ પાડે છે અને ક્રિયા કરનાર જ્ઞાનતંતુઓને તેને અંગે લેવાની ક્રિયા માટે પાછા મોકલે છે. અગ્નિ ઉપર આપણી આંગળી પડે કે તુરત જ્ઞાનવાહી તંતુઓ–(sensory nerves)માં ક્રિયા થાય છે, મગજને પહોંચે છે, અને બીજે જ સમય આંગળી અગ્નિ ઉપરથી લઇ લેવાની ક્રિયા બને છે. આ બધી ક્રિયા સ્વતઃ ( automatic ) બને છે, તેમાં મન કે ચેતના કાંઇ સમજપૂર્વક ભાગ ભજવતા નથી. માણસ બહારના નિયમોને આધીન છે, મન શરીરને આધીન છે. જેવી રીતે આસપાસના વાતાવરણના સંબંધમાં આવવાથી માણસના શરીર ઉપર ફેરફાર થાય છે, તેવી રીતે શરીર ઉપરના બહારના આઘાત પ્રત્યાઘાતો પ્રમાણે મન ઉપર અસર થાય છે. મનની દરેક ક્રિયાનું કારણ શરીર છે. શરીરની ક્રિયા અને મનની ક્રિયાને કાર્યકારણનો સંબંધ છે. શરીર ભૌતિક છે. એટલે શરીરની દરેક ક્રિયાઓ ભૌતિક નિયમોને ( Physical laws ) આધીન છે, એટલે મનની ક્રિયા પણ ભૌતિક નિયમોને આધીન છે. વિચારવાની, લાગણી અનુભવવાની, ક્રિયા કરવાની કે સાર અસારનો નિર્ણય કરવાની મન–આત્માને સ્વતંત્ર શક્તિ નથી. આ પ્રમાણેનું મંતવ્ય શરીરશાસ્ત્રીના નિયમો પ્રમાણે માનસશાસ્ત્રના નિયમોનું નિરૂપણ કરનાર માનસવેત્તાઓનું છે. મન કે આત્માને સ્વતંત્ર ન માનનાર પણ શરીરનો અંશ માનનાર જડવાદીઓની આ માન્યતા છે.

હવે મન અથવા આત્મા શરીરથી ભિન્ન તત્ત્વ છે તે સિદ્ધાંતનો વિચાર કરવાનો રહે છે.

આપણે જૈન દર્શનકારો અને ચાર્વાક સિવાયના બધા અન્ય આર્ય દર્શનકારો ન્યાય–સાંખ્ય–વેદાંત આદિ મન અથવા આત્માને જે પંચમહાભૂતથી શરીર બન્યું છે તેનાથી એક વ્યતિરિક્ત તત્ત્વ માને છે, એટલે જીવન્ત શરીરમાં ભૌતિક શરીર ઉપરાંત એક જુદા જ પ્રકારની શક્તિ, જુદા જ પ્રકારનું તત્ત્વ, જુદા જ પ્રકારની ધારા છે, જેના ગુણો શરીરના ગુણોથી જુદા જ પ્રકારના છે, તે ગુણો ભૌતિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદાર્થના નથી, પણ જુદા જ પદાર્થના છે. રૂપ, રસ, ગંધ આદિ ગુણો ભૌતિક પદાર્થ-પુદ્ગલના છે. તે ગુણોથી આપણે ભૌતિક પદાર્થને ઓળખીએ છીએ. અમુક ઘાટ રૂપ ગંધ ઉપરથી આપણે ઘડાને ઓળખીએ છીએ. પુદ્ગલ રૂપી છે, મૂર્ત છે અને તે ગુણોથી પુદ્ગલ ઓળખાય છે. પણ આ ભૌતિક ગુણો ઉપરાંત બીજા ગુણો જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ વિગેરે જીવન્ત દેહમાં જોવામાં આવે છે. એટલે તે ગુણોના આધાર પુદ્ગલથી વ્યતિરિક્ત કોઇ પદાર્થ હોવો જોઇએ એવું સહજ અનુમાન થાય છે.

દેહના ભૌતિક ગુણો ઉપરાંત જીવન્ત શરીરમાં કયા કયા અન્ય ગુણો પ્રતીત થાય છે, જે ઉપરથી ભૂતદેહથી વ્યતિરિક્ત તત્ત્વ-આત્માની પ્રતીતિ થાય છે, તે હવે જોવામાં આવે છે:—

( ૧ ) દેહધારી જીવન્ત પ્રાણીની ક્રિયામાં ધ્યેય-હેતુ જોવામાં આવે છે. પ્રાણીમાં અમુક ધ્યેય પ્રાપ્ત કરવાની અને તે હેતુ માટે પ્રવૃત્તિ કરવાની શક્તિ Purposiveness હોય છે. આ શક્તિ દરેક પ્રાણીમાં જોવામાં આવે છે. નીચી કક્ષાના પ્રાણીઓમાં અજ્ઞાનપણે વર્તે છે, ઊંચા સંજ્ઞી જીવોમાં જ્ઞાન સાથે વર્તે છે. અમુક હેતુ પ્રાપ્ત કરવાની સહજ શક્તિ સૂચવે છે કે-તે ભવિષ્યમાં પ્રાપ્ત કરવાના હેતુનું ભાન જીવમાં છે, અને આવું ભવિષ્યના હેતુનું ભાન એક પૌદ્ગલિક ગુણ નથી પણ વ્યતિરિક્ત પદાર્થનો ગુણ છે. તે પદાર્થને આપણે મન કે આત્મા કહીએ છીએ. એટલે આવું ધ્યેય પ્રાપ્ત કરવાનું સહજ ભાન આધ્યાત્મિક હોવાથી જીવન્ત દેહમાં આત્મતત્ત્વનું સૂચન કરે છે.

આત્મામાં ત્રણ સહજ શક્તિઓ છે: ( ૧ ) જ્ઞાન પ્રાપ્ત કરવાની; ( ૨ ) લાગણી અનુભવવાની; ( ૩ ) ક્રિયા કરવાની. આપણી પારિભાષિક ભાષામાં આપણે જ્ઞાન, દર્શન અને ચારિત્રશક્તિ કહીએ છીએ. પક્ષીઓ પોતાના રક્ષણ માટે માળા બાંધે છે, કીડીઓ સંગ્રહ કરે છે, કેટલાક પ્રાણીઓ અમુક સુરક્ષિત સ્થળે જ ઇંડા મૂકે છે, જ્યાં બચ્ચાંઓ ઉછરી શકે; દરેક પ્રાણી પોતાની જાતના રક્ષણ માટે ક્રિયા કરે એટલું જ નહિ પણ પોતાની જાતને વધારવા-પોતાનો વેલો સજીવન રાખવા પણ પ્રાણીઓ પ્રવૃત્તિ કરે છે. એટલે ક્ષુદ્ર પ્રાણીમાં પણ ધ્યેય પ્રાપ્ત કરવાનો સ્વભાવ છે, અને તેને અનુકૂળ ક્રિયા કરવાની સહજ શકિત છે. પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવાની શક્તિ અને પ્રવૃત્તિ ફક્ત જડવાદના નિયમોથી સમજાવી શકાય નહિ, પરંતુ આ શકિત સૂચન કરે છે કે-તેમાં એક જીવન્ત બળ છે, એક અંતરની પ્રેરણા છે જેના પરિણામે ગમે તેવી મુશ્કેલીઓ સામે પ્રાણી પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા મથે છે. દેહ ઉપરના બહારના આઘાત પ્રત્યાઘાતની અસર મન ઉપર થતી નથી એમ કહેવાનો અર્થ નથી, પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઉપરાંત પ્રાણીમાં અંતરંગ એક જુદી શક્તિ છે કે જેથી પ્રાણી જુદી રીતે પણ વર્તી શકે છે. ટૂંકામાં દરેક પ્રાણીમાં જે ધ્યેય પ્રાપ્ત કરવાની શક્તિ અને તે માટેની પ્રવૃત્તિ છે તે પ્રાણીમાં શરીરનાં ભૌતિક ગુણો ઉપરાંત જુદા જ પ્રકારના ગુણોવાળા તત્ત્વનું અનુમાન કરાવે છે. બીજા પ્રાણીઓ કરતાં મનુષ્ય તો ઘણી વાર પોતે અમુક ધ્યેય માટે પ્રવૃત્તિ કરે છે તે જાણતો પણ હોય છે. પરીક્ષામાં પાસ થવું હોય તો અમુક પ્રકારનો અભ્યાસ કરવો જોઇએ, તે વિદ્યાર્થી જાણે છે, અને તેથી જ તે પ્રમાણે સતત વાંચન કરે છે.

સંસારમાં દુ:ખ છે, દુ:ખનું કારણ કર્મના બંધનો છે, તે કર્મના બંધનો અમુક રહેણીકરણીથી, ધર્મક્રિયા કરવાથી તોડી શકાય છે, મોક્ષ એ જીવનનું ધ્યેય છે, જે ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે.–આવો બધો ભવિષ્યનો વિચાર, ભવિષ્યના ધ્યેય માટે આગળથી કરવામાં આવતી ક્રિયાઓ બતાવે છે કે માણસના જીવનમાં ભવિષ્યનો વિચાર કરવાની શક્તિ છે. આવી ભવિષ્યમાં જોવાની શક્તિ અને તે માટેની પ્રવૃત્તિ ચિંતનશક્તિ માગે છે, ચિંતન શક્તિ પૌદ્ગલિક દેહનો ધર્મ નથી, પણ અન્ય તત્ત્વ–મન કે આત્માનો ધર્મ છે એટલે પ્રાણીમાં દેહના ધર્મ ઉપરાંત આત્માના પણ ધર્મો છે.

જેવી રીતે ભવિષ્યનો વિચાર કરવાની માણસમાં શક્તિ છે તે પ્રમાણે ભૂતકાળના અનુભવ ઉપરથી કર્તવ્ય કે અકર્તવ્ય સમજવાની પણ માણસમાં શક્તિ છે. ભૂતકાળની અસર વર્તમાન કાળમાં જે જે બને તેના ઉપર સતત પડે છે. ઘણા લાંબા વખત પહેલાં મારા જીવનમાં જે જે હકીકતો બની હોય તે મારા વિચાર અને ઇચ્છા ઉપર અસર કરે છે. મેં સમેતશિખર કે પાવાપુરીની જાત્રા કરી હોય, તે સ્થળો જોયા હોય તો તેના નામ સાંભળતા મારા મન ઉપર, બીજા કોઇએ તે સ્થળો ન જોયા હોય તેના કરતાં, જૂદી જ અસર થાય છે. તેનું કારણ એ છે કે–આ નામો સાંભળવાની ક્રિયા તો બંને જણ માટે સરખી જ છે, બંને જણા એક જ પ્રકારના શબ્દો સાંભળે છે, પણ મારા ભૂતકાળના અનુભવથી મારા ઉપર જે અસર થાય છે, તે અસર ભૂતકાળના તેવા અનુભવ વનાના બીજા માણસ ઉપર થતી નથી. એટલે ભૂતકાળની અસર સર્વવ્યાપી છે. પ્રત્યેક વર્તમાન કાર્ય અને વિચારને અસર કરે છે આ શક્તિ ભૌતિક દેહમાં હોઇ શકે નહિ, પણ તેથી વ્યતિરિક્ત જીવ જેવા તત્ત્વમાં જ હોઇ શકે.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંબંધમીમાંસા

લેખકઃ—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

સંબંધ બે પ્રકારનો હોય છેઃ એક તો સંયોગસંબંધ અને બીજો સ્વરૂપસંબંધ. દ્રવ્યોનો જે પરસ્પર સંબંધ થાય છે તે સંયોગ કહેવાય છે. સંયોગ, વિયોગપૂર્વક થાય છે અને વિયોગ સંયોગપૂર્વક થાય છે માટે સંયોગ તથા વિયોગ બંને સાથે રહે છે, એટલે કે જ્યાં સંયોગ હોય છે ત્યાં વિયોગ અવશ્ય હોય જ છે અને જ્યાં વિયોગ હોય છે ત્યાં સંયોગ પણ હોય જ છે. એવો નિયમ છે કે જે બે વસ્તુઓનો સંયોગ થાય છે, વિયોગ પણ તે બે વસ્તુઓનો જ થાય છે; પણ જે બે વસ્તુઓનો વિયોગ થાય છે તે જ બે વસ્તુઓનો ફરીને સંયોગ અવશ્ય થાય છે એવો નિયમ નથી. વિયોગી બે વસ્તુઓનો ફરીને સંયોગ થાય પણ ખરો અને ન પણ થાય. બંને વસ્તુઓ બીજી વસ્તુઓની સાથે પણ જોડાઈ જાય છે. એક સ્વરૂપવાળા હોય કે ભિન્ન સ્વરૂપવાળા હોય પણ તે જો દ્રવ્યના નામથી ઓળખાતા હોય તો તેમનો પરસ્પર સંયોગસંબંધ થાય છે. જૈન દર્શનમાં સાપેક્ષ દ્રવ્ય માન્યું છે, એટલે કે જે કારણ હોય છે તે દ્રવ્ય કહેવાય છે અને કાર્યને પર્યાય કહેવામાં આવે છે જેથી કરીને પૂર્વ-પૂર્વનું દ્રવ્ય અને ઉત્તરોત્તર પર્યાયના નામથી ઓળખાય છે, જેમકે-માટી દ્રવ્ય કહેવાય અને માટીનો પિંડ બને તે પર્યાય, પછી તે પિંડને ચાક ઉપર ચઢાવી ઘડો બનાવતા સુધીમાં જેટલી અવસ્થાઓ બદલાય તેમાં પૂર્વ-પૂર્વની અવસ્થા દ્રવ્ય અને ઉત્તર-ઉત્તરની અવસ્થા તે પર્યાય અથવા તો દૂધ તે દ્રવ્ય અને તેનું દહિં બને તે પર્યાય, દહિંનું માખણ બને ત્યારે દહિં દ્રવ્ય થાય અને માખણ પર્યાય કહેવાય, અને માખણનું ઘી બને એટલે માખણ તે દ્રવ્ય અને ઘી પર્યાય-આવી જ રીતે કાર્ય-કારણભાવનો સંબંધ હોય ત્યાં કારણ તે દ્રવ્ય અને કાર્ય તે પર્યાય તરીકે ઓળખાય છે. અનેક તાંતણાઓનું કપડું બને છે. તેમાં તાંતણા દ્રવ્ય અને કપડું પર્યાય કહેવાય છે; કારણ કે કપડાનું કારણ તાંતણા છે કે જેનું કપડું બને છે અને તેથી જ કપડાને પર્યાય કહેવામાં આવે છે પણ જ્યારે અવયવાવયવીભાવની વિચારણા કરીએ ત્યારે તાંતણા અવયવો છે અને કપડું અવયવી છે-અવયવોવાળું છે, માટે અવયવી કપડું દ્રવ્ય કહેવાય છે અને તાંતણારૂપ અવયવો પર્યાય કહેવાય છે. પર્યાયથી દ્રવ્ય જુદું નથી અને દ્રવ્યથી પર્યાયો જુદા નથી; ફક્ત અવસ્થાઓના ભેદોને લઈને એક જ વસ્તુને ભિન્ન સંકેતોથી ઓળખવામાં આવે છે. જો કે અવસ્થાઓ પર્યાય છે અને જેની અવસ્થા છે તે દ્રવ્ય છે અને તે દ્રવ્ય પોતાની દરેક અવસ્થામાં વિદ્યમાન હોય છે, છતાં ક્રમથી થવાવાળી અવસ્થામાં પૂર્વની અવસ્થા દ્રવ્ય અને ઉત્તરની અવસ્થા પર્યાયના નામથી ઓળખાય છે. આવા દ્રવ્યોના સંબંધને સંયોગસંબંધ કહેવામાં આવે છે.

ગુણ તથા ગુણીનો તાદાત્મ્ય-સ્વરૂપ સંબંધ હોય છે. જેમકે-મીઠાસ અને સાકર, પુષ્પ અને સુગંધ, જ્ઞાન અને આત્મા વિગેરેનો સ્વરૂપસંબંધ હોવાથી મીઠાસસ્વરૂપ સાકર, જ્ઞાનસ્વરૂપ આત્મા કહેવાય છે. ગુણ તથા ગુણીનો સંયોગ વિયોગ થઈ શકતો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી; કારણ કે તે અભિન્ન છે. જે વસ્તુઓ ભિન્ન હોય છે તેનો જ સંયોગ-વિયોગ થાય છે અને એવા તો દ્રવ્યો હોય છે પણ ગુણ-ગુણી હોઈ શકતા નથી તે આબાળગોપાળ પ્રસિદ્ધ છે સર્વથા અણજાણ માણસ પણ જાણી શકે છે કે સાકરની મીઠાસ અને મીઠાસથી સાકર જુદી નથી પણ બંને એક જ વસ્તુ છે, આપણે ગાંધીને ત્યાં જઈને મીઠાસ વગરની સાકર અથવા તો સાકર વગરની મીઠાસ માગીએ તો તે મીઠાસ તથા સાકરને જુદાં કરીને એ વસ્તુ આપી શકતો નથી. તાત્પર્ય કે-ગુણી સ્વરૂપ સાકરથી મીઠાસ-રૂપ ગુણ જુદો પાડી શકાતો નથી માટે ગુણ-ગુણીનો સ્વરૂપ સંબંધ છે. જો કે દ્રવ્યોનો સંયોગ થવાથી તેમાં રહેલા ગુણોનો પણ પરસ્પર સંયોગ થાય છે છતાં ગુણોનો પરસ્પર સંયોગસંબંધ માન્યો નથી, કારણ કે ગુણો પોતાના આશ્રયભૂત દ્રવ્યથી છૂટા પડીને ભિન્ન બીજા દ્રવ્યના આશ્રયમાં જતા નથી. અર્થાત્ સાકરમાંથી મીઠાસ છૂટી પડીને કરિઆતા-માં જઈને ભળતી નથી. અથવા તો આત્મામાંથી જ્ઞાન છૂટું પડીને પત્થરની શિલામાં જતું નથી જેથી કરીને કરિઆતાના કડવાસ ગુણની સાથે મીઠાસનો તથા પત્થરના વર્ણ-ગંધાદિ ગુણોની સાથે જ્ઞાન ગુણનો સંયોગસંબંધ માનવામાં આવે. જો કે ગુણીથી ગુણનું કથંચિત્-કોઇક અપેક્ષાથી ભિન્નાભિન્નપણું માન્યું છે. ગુણીથી ગુણ ભિન્ન મનાય છે અર્થાત્ આત્માથી ભિન્ન જ્ઞાન ગુણને માન્યો છે; પણ જે સ્વરૂપે આત્મામાં જ્ઞાન અભિન્નપણે રહેલું છે તે જ સ્વરૂપે જ્ઞાન આત્માથી જુદું નથી. જેમકે-જ્ઞાન ગુણ આત્માનો છે તે આત્મા સિવાય બીજે ક્યાંય પણ રહી શકતો નથી, છતાં જડ સ્વરૂપ પુસ્તકમાં માનવામાં આવે છે અને વ્યવહારથી કહેવામાં પણ આવે છે કે અમુક પુસ્તકમાં ખૂબ જ જ્ઞાન ભર્યું છે; પણ જે જ્ઞાન આત્મામાં ચેતનસ્વરૂપે કહ્યું છે તે સ્વરૂપે પુસ્તકમાં તો નથી જ. જો આત્માથી જ્ઞાન છૂટું પડીને પુસ્તકમાં દાખલ થાય તો જ જડ સ્વરૂપ પુસ્તકમાં જ્ઞાન ભર્યું છે તેમ કહેવાય, અને જો તેમ થાય તો આત્મા શૂન્ય થવાથી જડ થઈ જાય અને જડસ્વરૂપ પુસ્તક ચેતન થઈ જાય માટે પુસ્તકમાં જે જ્ઞાન માન્યું છે તે ઔપચારિક છે પણ તાત્ત્વિક નથી. કારણ કે પુસ્તક વાંચવાથી જ્ઞાન થાય છે એટલે પુસ્તક સાધન છે અને જ્ઞાન સાધ્ય છે. પુસ્તક, આત્મામાં તિરોભાવે-અપ્રગટપણે રહેલા જ્ઞાનને પ્રગટ કરવામાં નિમિત્ત કારણ છે અને તેથી થવાવાળું જ્ઞાન કાર્ય છે. જેમકે-ધોળું કપડું મેલું થવાથી તેની ધોળાશ મેલ નીચે ઢંકાઈ જાય છે ત્યારે સાબુથી કપડું ઉજળું કરવામાં આવે છે, કપડું ધોવાઈને ઉજળું થાય છે ત્યારે તે ઉજળાશ સાબુમાંથી આવતી નથી પણ મેલ દૂર થવાથી કપડામાં રહેલી ઉજળાશ પ્રગટ થાય છે માટે સાબુમાં ઉજળાશ નથી પણ કપડામાં છે. તેને પ્રગટ કરવાને સાબુ તો સાધનમાત્ર છે અને તેનું કામ મેલ ખસેડવાનું છે પણ ઉજળું કરવાનું નથી. જ્યારે મેલ દૂર થાય છે ત્યારે કપડાની ઉજળાશ પોતાની મેળે પ્રગટ થાય છે છતાં વ્યવહારમાં કહેવાય છે કે સાબુ કપડાને ઉજળું બનાવે છે, તેવી જ રીતે આત્માના જ્ઞાન ઉપર આવરણ આવવાથી તે ઢંકાઇ જાય છે, તેને પ્રગટ કરવાને પુસ્તકનો ઉપયોગ કરવામાં આવે છે તેથી જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થઈને જ્ઞાન પ્રગટ થાય છે તે જ્ઞાન પુસ્તકમાંથી આવતું નથી પણ તિરોભાવે આત્મામાં રહેલું હોય છે તે જ પ્રગટ થાય છે, છતાં

For Private And Personal Use Only

પુસ્તકનું જ્ઞાન કહેવાય છે તે પુસ્તકરૂપ કારણમાં જ્ઞાનરૂપ કાર્યનો ઉપચાર કરીને તેને જ્ઞાન માનવામાં આવે છે. આવી જ રીતે દ્રવ્ય માત્રના ગુણોને કથંચિત્ ભિન્નાભિન્ન માન્યા છે, વિજળીના ગોળાને લાઈટ કહેવામાં આવે છે પણ લાઈટ (અજવાળું)નો વિજળીનો ગુણ છે અને તે વિજળીમાં રહે છે પણ ગોળામાં રહેતું નથી, ગોળો તો વિજળીમાં રહેલા અજવાળાને પ્રગટ કરવાનું સાધન માત્ર છે. તેમાં અજવાળાનો ઉપચાર કરીને ગોળાને પણ લાઈટપણે ઓળખવામાં આવે છે. આ પ્રમાણે વિચાર કરવાથી દ્રવ્ય તથા ગુણોનો સ્વરૂપ-સંબંધ અને દ્રવ્યોનો પરસ્પર સંયોગસંબંધ જાણવા મળે છે.

આ બંને પ્રકારના સંબંધોમાંથી સંયોગસંબંધ પ્રધાન છે અને તાદાત્મ્ય-સ્વરૂપ-સંબંધ ગૌણ છે, કારણ કે સ્વરૂપ સંબંધ ગુણ-ગુણીનો હોય અને તે આધેય હોવાથી સ્વતંત્રપણે અલગ રહી શકતા નથી પણ પોતાના આધારરૂપ દ્રવ્યમાં રહે છે અર્થાત્ દ્રવ્યના તાબામાં ગુણ રહે છે પણ ગુણના તાબામાં દ્રવ્ય રહેતું નથી માટે દ્રવ્ય મુખ્ય છે અને એટલા માટે જ દ્રવ્યો સ્વતંત્રપણે પરસ્પર એક બીજાની સાથે મળી શકે છે પણ તેની રીતે ગુણો મળી શકતા નથી. દ્રવ્યોનું પરસ્પર મળવું તે સંયોગસંબંધ કહેવાય છે અને તેથી કરીને સંયોગને પ્રધાનતા આપી છે. આપણે અને આખું જગત સંયોગસંબંધનું પરિણામ છે. દરેક દર્શનવાળાઓએ દ્રવ્યોને પ્રધાનતા આપીને પ્રથમ તેનું વર્ણન કર્યું છે અને ત્યારપછી તેમની ઓળખાણ કરાવનાર ગુણોને વર્ણવ્યા છે. ગુણોનું કામ માત્ર દ્રવ્યોને ઓળખવાનું હોય છે, બાકી સંસારના દરેક કાર્યોમાં દ્રવ્યો જ આગળ પડતો ભાગ લે છે અને ગુણો દ્રવ્યોની સાથે રહીને કામ કરી શકે છે; એકલા કાંઈ પણ કરી શકતા નથી. જ્યાં જુઓ ત્યાં દ્રવ્યની પૂજા થાય છે, ગુણોને કોઈપણ પૂછતું નથી. કોઈપણ કામમાં દ્રવ્યનું નામ ન લેતાં જો ગુણનું નામ લેવાય તો મોટો ગુંચવાડો ઊભો થાય છે. ને જ્યારે દ્રવ્યનું નામ લેવામાં આવે છે ત્યારે તેનો ઝટ ઊકેલ આવી જાય છે. જેમકે-લાડવા અથવા તો શીરો બનાવનાર કોઈની પાસે મીઠાસ મંગાવે તો તે વિચારમાં પડી જશે કે શું લાવવું? ગોળ લાવવો કે સાકર પણ જ્યારે તેને કહેવામાં આવે કે સાકર લાવો તો ઝટ લઈ આવશે. કોઈને તાવ આવતો હોય અને તેને કોઈ કહે કે કડવી દવા પીઓ તો તેને સમજવું પડે કે શું પીવું? પણ કરીઆતું પીવાનું કહેવાથી તરત કરીઆતાનો ઉપયોગ કરશે. કડવાસ તથા મીઠાસ ગુણ છે અને સાકર તથા કરીઆતું દ્રવ્ય છે. આ બેમાંથી ગુણથી વસ્તુ સ્પષ્ટ સમજાતી નથી પણ દ્રવ્યથી સ્પષ્ટ સમજાય છે માટે જ દ્રવ્ય પ્રધાન છે અને તેમાં જ આખાય સંસારની લીલા સમાયલી છે, બાકી ગુણો તો દ્રવ્યના આશ્રિત હોઈને તેને ઓળખાવનારા છે અને પર્યાયો દ્રવ્યની ક્રમથી થવાવાળી અવસ્થાઓ છે કે જેને દ્રવ્યના નામથી ઓળખવામાં આવે છે. આ પ્રમાણે તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો દ્રવ્ય, ગુણ તથા પર્યાય ત્રણે એક જ વસ્તુ છે છતાં કવચિત્ ભિન્ન હોવાથી ભિન્ન નામોથી ઓળખાય છે.

દૃશ્ય જગતની વિચિત્રતા વિજાતીય દ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થયેલી છે, એટલે કે અરૂપી જીવ અને રૂપી જીવ આ બંને દ્રવ્યોના સંયોગથી થયેલી વિકૃતિ તે જ ચાર ગતિરૂપ સંસાર કહેવાય છે. જો કે અજીવ અરૂપી પણ છે અને તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાયના નામથી ઓળખાય છે અને તે જીવ દ્રવ્યથી ભિન્ન જાતિનાં દ્રવ્ય પણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે છતાં તેમના સંયોગથી કોઈ પણ પ્રકારની વિચિત્રતા પ્રગટ થતી નથી; કારણ કે જીવના અરૂપી ગુણ સાથે તેમનું સાધર્મ્ય છે એટલે કે બંનેમાં અરૂપી ગુણ સરખો છે અને તેથી કરીને જ અનાદિ કાળથી સિદ્ધાત્માઓનો અને ધર્માસ્તિકાયાદિ અરૂપી દ્રવ્યોનો સંયોગ હોવા છતાં પણ સિદ્ધોમાં કોઈ પણ પ્રકારની વિક્રિયા જણાતી નથી. વિકૃત સ્વરૂપ થવાને માટે ગુણોનું વૈધર્મ્ય ખાસ કારણ છે અને તે જીવાસ્તિકાય તથા પુદ્‌ગલાસ્તિકાયના સંયોગમાં સ્પષ્ટ જણાય છે. બંનેમાં ગુણભેદ છે--જીવ દ્રવ્ય અરૂપી-ચેતન અને અક્રિય છે ત્યારે પુદ્‌ગલ દ્રવ્ય રૂપી--અચેતન અને સક્રિય છે; માટે જ બંને દ્રવ્યોનો સંયોગ વિચિત્ર સંસારની ઉત્પત્તિનું કારણ છે. સજાતીય દ્રવ્યોના સંયોગથી વિવિધ પ્રકારની વિચિત્રતા થાય નહિં. અનેક સિદ્ધાત્મારૂપ સજાતીય જીવ દ્રવ્યોનો અનાદિ સંયોગ હોવા છતાં પણ કોઈ પણ પ્રકારની વિચિત્રતા થઈ નથી તેવી જ રીતે અનેક પુદ્‌ગલરૂપ સજાતીય અજીવ દ્રવ્યોના તથા ધર્માસ્તિકાયાદિ અજીવ દ્રવ્યોના સંયોગથી પણ કાંઈ વિચિત્રતા જણાતી નથી માટે દ્રવ્યોના સંયોગથી થવાવાળી વિક્રિયા-વિભાવ દશા ફક્ત જીવ દ્રવ્ય તથા પુદ્‌ગલ દ્રવ્યના સંયોગથી જ થાય છે.

દ્રવ્યોની પ્રધાનતામાં પણ સૌથી શ્રેષ્ઠ ચઢિયાતું આત્મદ્રવ્ય છે, કારણ કે આત્મદ્રવ્ય પોતાને તથા પરને જણાવે છે અને બીજાં દ્રવ્યો પરને તો જણાવી શકતાં નથી જ પણ પોતાને પણ જણાવી શકતાં નથી; માટે જો આત્મદ્રવ્ય ન હોય તો બીજા બધાય દ્રવ્યોની આકાશપુષ્પ જેવી જ દશા થાય. જો કે આત્મદ્રવ્ય અનેક છે છતાં સ્વરૂપે બધાય એક સરખા છે, તોયે પરપુદ્‌ગલ દ્રવ્યના સંયોગથી તેના બે ભેદ પડ્યા છે અને તે એક સિદ્ધ અને બીજા સંસારીના નામથી ઓળખાય છે. જડ સ્વરૂપ કર્મથી મૂકાયલા આત્માઓ સિદ્ધાત્મા અથવા તો શુદ્ધાત્મા કહેવાય છે. દેહધારી કેવળજ્ઞાનીયો શુદ્ધાત્મા અને અશરીરી કેવળજ્ઞાનીયો સિદ્ધાત્મા તરીકે ઓળખાય છે. અને જે આઠે કર્મથી બંધાયેલા છે તે બદ્ધાત્મા કર્મજન્ય જન્મ, જરા તથા મરણ આદિની અવસ્થાઓ ભોગવવાને માટે અનેક પ્રકારના શરીરોને ધારણ કરવાવાળા સંસારી આત્મા કહેવાય છે. આત્માઓ ઉપયોગ સ્વરૂપવાળા હોવાથી તેમનું કામ માત્ર જાણવાનું જ હોય છે. શુદ્ધાત્મા કેવળજ્ઞાનીયો સ્વાધીનપણે નિરંતર સાચું જ અને સંપૂર્ણ જાણે છે ત્યારે અશુદ્ધાત્માઓ અલ્પજ્ઞ-છદ્મસ્થ હોવાથી પરાધીનપણે પરની મદદથી જાણે છે. પર એટલે પૌદ્‌ગલિક વસ્તુને કહેવામાં આવે છે અને તે શાસ્ત્ર તથા ઇંદ્રિયો હોય છે. શાસ્ત્રની મદદ સિવાય કેવળ ઇંદ્રિયોથી જાણેલું પ્રાયઃ સાચું હોતું નથી. શાસ્ત્રથી જાણેલું સાચું પણ હોય છે અને જૂઠું પણ હોય છે; કારણ કે જ્યાં સુધી સાચું જાણવામાં આડું આવતું દર્શનમોહ કર્મ ખસે નહિં ત્યાં સુધી શાસ્ત્રમાં લખેલું સાચી રીતે સમજાય નહિં અને જ્યાં સુધી શાસ્ત્રમાં લખેલું સાચું સમજાય નહિં ત્યાં સુધી ઇંદ્રિયોથી પણ સાચું જણાય નહિં. ઇંદ્રિયો પોતે જડ છે એટલે તે તો કાંઈ પણ જાણી શકે નહિં પરંતુ આત્માને જણાવી શકે ખરી પણ તે સજાતીય રૂપી જડનો બોધ કરાવી શકે, અરૂપી ચેતન તથા અચેતન તેમજ સૂક્ષ્મ રૂપી અચેતનને જણાવી શકે નહિં. આ બધાય વસ્તુઓને આત્મા શાસ્ત્રની મદદવડે જાણી શકે છે અને તે શાસ્ત્રની મદદ મેળવવા આંખ તથા કાન અત્યંત ઉપયોગી છે. શાસ્ત્ર તથા ઇંદ્રિયો આત્માને

For Private And Personal Use Only

બોધ કરવામાં નિમિત્ત કારણ છે. આંખ તથા કાન અવળી સમજણથી અવળે માર્ગે જનારને સવળું સમજી સવળે માર્ગે જવામાં અત્યંત ઉપકારક છે. આ બે સિવાયની બાકીની જીભ, નાક તથા સ્પર્શ ઇંદ્રિય સાચું જાણવાના કામમાં આવતી નથી, કારણ કે આ ત્રણે ઇંદ્રિયો ફક્ત જડના ગુણ-ધર્મ જાણવાને કામ આવે છે. અને આંખ તથા કાન તો આત્મધર્મ તથા જડ ધર્મનું સાચું સ્વરૂપ જાણવાના કામમાં આવે છે. વિકાસી આત્માઓના અનુભવજ્ઞાનનો બોધ આ બે ઇંદ્રિયોથી જ થઈ શકે છે. શાસ્ત્રમાં લખેલો બોધ આંખથી વાંચીને મેળવી શકાય છે, અને મહાન પુરુષોના ઉપદેશ કાનથી સાંભળીને સાચી વસ્તુસ્થિતિ જાણી શકાય છે. શાસ્ત્રો વાંચવાથી કે ઉપદેશ સાંભળવાથી જીવોની અજ્ઞાનતા દૂર થાય છે અને સમ્યગ્ જ્ઞાન મેળવી શકાય છે. આંખ તથા કાનદ્વારા જે જ્ઞાન મેળવવામાં આવે છે તેને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. આવા શ્રુતજ્ઞાનથી આત્મા કેવળી જેટલો બોધ મેળવી શકે છે ને શ્રુતકેવળી કહેવાય છે. આવા શ્રુતકેવળીઓ સંપૂર્ણ આત્મવિકાસ પણ સાધી શકે છે, માટે પાંચે ઇંદ્રિયોમાં આ બે ઇંદ્રિયો પ્રધાન ગણાય છે. વ્યવહારમાં પણ આ બેઇંદ્રિયો ઘણી જ ઉપયોગી થઈ પડે છે. જીવનમાં સુખે જીવવાને બીજાની સુખી જીવનવ્યવસ્થા જોઈને કે સાંભળીને પોતાનું જીવન સુખમય બનાવી શકે છે. વાટે જતાં માર્ગ ભૂલી ભટકતો માણસ ભોમિયાએ બતાવેલો માર્ગ જોઈને કે સાંભળીને આફતમાંથી બચી જાય છે અને ઇચ્છિત સ્થળ મેળવી શકે છે. આ પ્રમાણે વિજાતીય કર્મ દ્રવ્યના સંયોગવાળો આત્મા લાભ કે હાનિ કર્મના જ સજાતીય જડ સંસર્ગથી મેળવી શકે છે. તાત્પર્ય કે-જ્યાં સુધી આત્મદ્રવ્ય અને કર્મદ્રવ્યના સંયોગનો વિયોગ ન થાય ત્યાંસુધી સ્વરૂપ સંબંધી રહેલા ગુણો પૂરતું કામ આપી શકતા નથી તેથી જીવને ડગલે ને પગલે નિરંતર જડદ્રવ્યના સંયોગની અત્યંત આવશ્યકતા રહેવાની જ. જીવને અજીવ દ્રવ્યરૂપ પૌદ્ગલિક સંપત્તિ મેળવવાને માટે પુન્ય કર્મરૂપ જડ દ્રવ્યના સંસર્ગની જરૂરત તો હોય જ છે પણ કર્મદ્રવ્યના સંયોગને ખસેડીને પોતાની સમ્યગ્જ્ઞાનાદિ ગુણ-સ્વરૂપ સંપત્તિ પ્રગટ કરવાને માટે પણ જડ વસ્તુઓના સંસર્ગની આવશ્યકતા રહે છે ? અને તે ભાષાના પુદ્ગલરૂપ શબ્દ, સર્વજ્ઞ તથા મહાન પુરુષોનું સ્વરૂપ તથા તેમના બોધનું જ્ઞાન કરાવનાર પુસ્તકો અને મહાન પુરુષોની પ્રતિમાઓની આત્મિક સાચી સંપત્તિ મેળવવામાં જરૂરત પડે છે. તે સિવાય તો સાચું જણાય નહિ અને સાચું સમજાય પણ નહિ. જે ચરમશરીરી-ધારણ કરેલો દેહ છોડયા પછી ફરીને શરીર નહિં ધારણ કરનારા મુક્તિગામી પુરુષો સ્વયંબુદ્ધ એટલે કોઈ પણ પ્રકારની જડાત્મક વસ્તુઓની સહાયતા સિવાય સાચી રીતે જાણવાવાળા તથા સમજવાવાળા કહેવાય છે, તેમણે પણ પૂર્વજન્મમાં તો આત્મિક સંપત્તિ મેળવવાને યોગ્ય પૌદ્ગલિક વસ્તુઓની સહાયતા લીધેલી હોય છે અને તેથી કરીને પૂર્વજન્મમાં પણ ઘણીખરી સંપત્તિ મેળવેલી હોય છે એટલે ચરમ-છેલ્લા ભવમાં તેમને પૌદ્ગલિક વસ્તુઓની સહાયતાની જરૂરત રહેતી નથી. અનાદિ કાળના આત્મ-દ્રવ્ય તથા કર્મદ્રવ્યના સંયોગ-મૂળ અજ્ઞાનતાને લઈને અનુકૂળ પૌદ્ગલિક દ્રવ્યોના સંયોગને સુખ માનનારા અજ્ઞાની જીવોને પોતાનું માનેલું સુખ મેળવવાને માટે તેમને પ્રથમ તો જડ સ્વરૂપ પુન્ય કર્મ દ્રવ્યના સંયોગની જરૂરત રહે છે, કારણ કે પુન્ય કર્મ દ્રવ્યનો આત્મદ્રવ્ય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે સંયોગ ન થાય ત્યાંસુધી પૌદ્ગલિક સુખના સાધનરૂપ દ્રવ્યો મળી શકે નહિં, અનાદિ કાળનો એક એવો અટલ નિયમ છે કે પૌદ્ગલિક સુખ માટે જડાત્મક વસ્તુસાધનની અનિવાર્ય જરૂરત રહે જ છે ત્યારે આત્મિક સુખ માટે કોઇ પણ પ્રકારના સાધનની લેશ માત્ર પણ આવશ્યકતા હોતી નથી, કારણ કે આત્મિક સુખ આત્મધર્મ છે અને તે આત્માની સાથે સ્વરૂપસંબંધથી રહે છે એટલે આત્મા પોતે જ સુખસ્વરૂપ છે. જો સાકરને મીઠી બનાવવાને બીજી વસ્તુની જરૂરત પડતી હોય તો જ આત્માને સુખી બનાવવાને ચેતન અચેતન જેવી કોઇપણ વસ્તુની જરૂરત રહે. પણ પૌદ્ગલિક સુખ તો પુદ્ગલ દ્રવ્યોના સંયોગરૂપ હોવાથી જડાત્મક વસ્તુઓનો ઇંદ્રિયો સાથે સંયોગ થયા સિવાય જીવ પોતાને સુખી માની શકતો જ નથી. ધન–સંપત્તિ તથા બાગબંગલાના આદિ જડાત્મક વસ્તુઓના સંયોગમાં જ સુખ માનવાને ટેવાઇ ગયેલા જીવો અશાતાવેદની તથા કષાય મોહનીયની કનડગતથી જરાય દુઃખ માનતા નથી પણ ક્રોડોની સંપત્તિ તથા પાંચે ઇંદ્રિયોના વિષય-પોષક સાધનોની પ્રાપ્તિથી પોતાને સુખી જ માને છે. જો પાંચ ઇંદ્રિયોમાંથી આંખ તથા કાનની કે જીભની ખામી હોય અર્થાત્ આંધળા, બહેરા અને બોબડા હોય તો જે પોતાને દુઃખી માને છે, ગમે તેટલી ધન-સંપત્તિ અથવા તો બીજા પૌદ્ગલિક સુખના સાધન હોય તો પણ પોતાને તો પરમ દુઃખી જ માનવાના, કારણ કે પૌદ્ગલિક સુખ વૈષયિક હોવાથી અર્થાત્ પાંચે ઇંદ્રિયોના વિષયસ્વરૂપ હોવાથી ગમે તેટલાં અનુકૂળ સાધનો કેમ ન મળ્યાં હોય પણ જ્યાંસુધી તેને ઇંદ્રિયો ગ્રહણ ન કરે ત્યાંસુધી તેમને જરાય સુખ હોઇ શકતું નથી. આંખ વગરનાને બાગબંગલા નકામા છે. નાટક, સિનેમા કે રૂપલાવણ્ય તથા સુંદરતા આંખથી જોઇને માનવી સુખ તથા આનંદ માને છે. સંગીત તથા માન-મોહની પ્રશંસાથી જે સુખ તથા આનંદ માનવી મેળવે છે તે કાન વગરનાને મળી શકતો નથી. બોબડો માણસ પોતાના સુખ–દુઃખની વાત બીજાને કહી શકતો નથી તેથી તેને ઘણી જ મૂંઝવણ થાય છે માટે જ પૌદ્ગલિક સુખ મેળવવામાં ધનસંપત્તિ આદિ બહારના સાધનો કરતાં પાંચ ઇંદ્રિયરૂપ અંતરંગના સાધનોની અત્યંત આવશ્યકતા રહે છે. આ પ્રમાણે જગતમાં પૌદ્ગલિક સુખ જડાત્મક દ્રવ્યોના સંયોગથી થાય છે તે માટે પણ સંયોગસંબંધને પ્રધાનતા આપી છે. જો જીવ તથા પુદ્ગલ દ્રવ્યનો પ્રવાહથી અનાદિ સંયોગસંબંધ ન હોત તો જગત જેવી વસ્તુનો જ અભાવ હોત. એમ તો ધર્મ આદિ પાંચે દ્રવ્યોનો સંયોગ અનાદિથી જ છે પણ સંયોગ વિયોગવાળા તો જીવ તથા પુદ્ગલ બે જ દ્રવ્યો છે અને સંયોગ–વિયોગવાળા દ્રવ્યોને લઇને જ વિવિધ પ્રકારની વિચિત્રતાવાળું વિશ્વ દૃષ્ટિગોચર થઇ રહ્યું છે. જો વિયોગ વગરના સંયોગવાળા જીવ તથા પુદ્ગલ દ્રવ્ય હોત તો ધર્મ, અધર્મ તથા આકાશની જેમ તે બંને દ્રવ્યો સર્વવ્યાપી હોત અને તેમ હોવાથી તે બંનેની સંખ્યા પણ ધર્મ આદિ ત્રણ દ્રવ્યોની જેમ એક જ હોત અર્થાત્ જીવ તથા પુદ્ગલ જે અનેક દ્રવ્ય કહેવાય છે તેનો અભાવ થઇ જાત તો પછી જગત શૂન્ય તો નહિં પણ શૂન્ય જેવું જ કલ્પી શકાય અને કેવળજ્ઞાનને પણ જ્ઞેયના અભાવે જાણવાનું કશુંય ન હોવાથી તેનો પણ અભાવ જ થઇ જાત માટે જ સંયોગ–વિયોગવાળા જીવ તથા પુદ્ગલ દ્રવ્યોનો અનાદિ સંયોગ માનવામાં આવે છે તેમજ બંને અનેક દ્રવ્યો મનાય છે તે વ્યવસ્થિત-પણે સંસારની વિદ્યમાનતા સિદ્ધ કરે છે માટે જ સંયોગસંબંધ પ્રધાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય વાડીનાં કુસુમો

## સ્નેહ સાંકળના અંકોડા

લેખક—શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી.

### પતિ-પત્નીના રાહ એક જ હોય—

ભગવંત મહાવીર દેવની દેશના સાંભળ્યા પછી જ્યાં સામાન્ય કક્ષાના જીવોને પણ કંઇ ને કંઇ વ્રત-નિયમ ગ્રહણ કરવાની જિજ્ઞાસા ઉદ્ભવે ત્યાં સમજુ અને સંસ્કારી આત્માઓ માટે શું કહેવું ?

નગરમાં સમાચાર આવ્યા કે રાજપુત્ર જમાલિએ ભાગવતી દીક્ષા લેવાનો નિરધાર કર્યો અને પ્રભુને ઉદ્યાનમાં થોભવા વિનંતી કરી, એ અંગેની તૈયારી માટે પોતે સત્વર નગરમાં આવી રહેલ છે ત્યારે ધરતીકંપના આંચકાથી જેમ ધરણી ધ્રૂજી ઉઠે તેમ એકાએક પ્રજાએ અદીઠ કંપ અનુભવ્યો.

જમાલિની બાલ્યકાળની મસ્તી, સંખ્યાબંધ રાજકુમારો અને ભાયાતપુત્રો વચ્ચેની આગેવાની, પરાક્રમ દાખવવાના આવી પડતાં હરકોઇ નાના-મોટા પ્રસંગમાં એની નેતાગીરી અને હાથ ધરેલ કાર્યમાં અડગતા એ તો હજુય પ્રજાને મન આજકાલના બનાવ હતા. બળના માર્ગે નહીં, પણ પ્રેમના જોરે એણે બસો પાંચ સો નહીં પણ હજાર ક્ષત્રિયપુત્રો પર એવું તો કામણ કીધું હતું કે તે સર્વે જમાલિની આંખે જોતાં, અરે ! જમાલિની આજ્ઞા તેમને સારુ વેદવાકય સમ હતી. જમાલિથી છૂટા પડવાનું દેહના પડછાયા માફક તેમનાથી બનતું જ નહીં. સ્નેહશ્રૃંખલા એટલી તીવ્રતમ જામેલી કે જાણે યૂથપતિ ગજરાજ પાછળ ભમતું હાથણીઓનું વૃંદ. એમાં સમાનવયના હતા એવું પણ ન હોતું, લઘુ વય તેમ પ્રૌઢ વયના પણ મિત્રો સારી સંખ્યામાં હતા જ.

આવા અનુપમ સાજનથી પરવરી જ્યારે એ કલૈયો કુંવર ક્ષત્રિયકુંડ નગરમાં રાજવી સિદ્ધાર્થના આંગણમાં આવેલ, અને લગ્નમંડપમાં પગ મૂકેલ ત્યારે એવી તો પ્રભા પથરાઇ ગયેલી કે જાણે સાક્ષાત્ અંશુમાલી ભગવાન સૂર્યદેવ પોતાના સહસ્ર કિરણોને **મૂર્તિમંત** સ્વરૂપ આપી અહીં જાતે પધાર્યા છે !

રાજપુત્ર જમાલિની શૌર્યગાથાઓ સખીમુખે સાંભળી પ્રિયદર્શનાના અંતરમાં સ્નેહનો અંકુર સહજ ફુટયો હતો. એ કાળ પરાક્રમ, શૌર્ય-વીરતા અને કુશલતાના દર્શનનો હતો. રાજકીય પરિસ્થિતિ એવા પ્રકારની હતી કે એ માટેના પ્રસંગ શોધવા જવા પડતાં નહોતાં. પ્રત્યેક નર-નારીમાં 'સત્વ' પ્રત્યે ખાસ આકર્ષણ હતું અને તેથી સ્વબળ પર મુસ્તાક રહેવાની વૃત્તિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી. શ્રીકલ્પસૂત્ર કહે છે તેમ મહારાજા સિદ્ધાર્થ પ્રાતઃકાળમાં શરીર-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાસ્થ્ય માટે વ્યાયામ કરતા. ઇતિહાસ એમાં શાખ પૂરે છે કે–માત્ર રાજવીઓ જ નહીં, કેવલ રાજપુત્રો જ નહીં, પણ જનાનાગૃહને શોભાવતી અંગનાઓ અને રાજકુમારિકાઓ પણ એ જ્ઞાનથી–એ તાલીમથી વંચિત નહોતી. એમની સાથે મિત્રતાના નાતાથી જોડાયેલી વ્યવહારીની પુત્રીઓ અને બાલિકાઓમાં પણ એની અસર પ્રસરતી. એ માટે ' હાથ કંકણને આરસીની જરૂર ન હોય ' એના જેવું છે, કારણ કે સંખ્યાબંધ ઉલ્લેખો ઉપલબ્ધ થાય છે.

ત્રિશલામાતા, સુદર્શના ફોઇ અને સમરવીર રાજવીની પુત્રી અર્થાત્ પોતાની જનેતા યશોદાના સહવાસમાં ઉછરેલી પ્રિયદર્શના પણ કોઇ અનોખા રત્ન જેવી હતી.

તેણીના સખીમંડળમાં સૌધર્મલોકવાસી ઇંદ્રમહારાજને જેમ પાંચ સો મંત્રીઓનો પરિવાર હોય છે તેમ વિવિધ કળાકેલિકુશળ પાંચ સો સખીઓનો પરિવાર હતો. એ સર્વના સંયોગવશાત્ જીવનસૂત્રો એવી રીતે સંકળાયેલા હતા કે તેમને પ્રિયદર્શનાનો વિરહ વેઠવાની ફિકર હતી જ નહીં. કેટલીકના સાસરા જમાલિરાજના નગરમાં જ હતા. કેટલીકના સૌભાગ્યચંદ્રકો આથમી ચૂક્યા હતા. કેટલીક કુંવારી હતી અને કેટલીક લગ્ન કરવા ઇચ્છતી જ ન હોતી. આમ આ સથવારો રાજકુમારી પ્રિયદર્શના સાસરીમાં સિધાવે એની રાહ જોતો ક્ષત્રીયકુંડ નગરમાં થોભ્યો હતો.

એ મંગળ દિન આજે પ્રાપ્ત થયો હતો. એમના હર્ષનો પારો મધ્યાહ્ને પહોંચ્યો હતો. એક તરફ લગ્નવિધિના મંત્રોચ્ચાર સંભળાતા હતા તો બીજી બાજુ આ સખીમંડળ પ્રિય સખી પ્રિયદર્શના સાથે સિધાવી જવાની તૈયારીમાં એકતાર બન્યું હતું. એકાદ ખૂણેથી ટકોર થતી કે—

બહેન ! સખીનો સાથ ક્યાં સુધી સાચવશો ? કોઇ ને કોઇ દિન કર્મરાજ એમાં આડો હાથ ધરવાનો તો ખરો જ ને ?

મારીબા ! વર્તમાનને જોવો એ અમારો ધર્મ, ભાવિની સંકલના કર્મરાજને માથે જ ભલે રહે. જીવનના અંત લગી પ્રિયદર્શનાનું પ્રિય દર્શન નથી છોડવું એ પ્રતિજ્ઞા.

જેમના જીવન પાછળ આ જાતનો ઇતિહાસ છે એવા જમાલિ–પ્રિયદર્શનાના યુગલે ગૃહસ્થ ધર્મના પાલનમાં વર્ષો વીતાવ્યા. સંસારજીવનના ફળસ્વરૂપે તેમને પુત્રીરત્નની પ્રાપ્તિ પણ થઇ. ' શેષવતી ' એનું નામ.

આદર્શ દંપતી તરીકે જેનું ઉદાહરણ લઇ શકાય એવો જમાલિ–પ્રિયદર્શનાનો સંસાર, માત્ર હજાર સુહૃદો કે પાંચ સો સખીઓનો વાર્તાવિષય નહોતો રહ્યો. પ્રજાગણના કમરા પર્યંત એની રસીલી વાતો પહોંચી હતી. એ પાછળની સુવાસ દેશના સીમાડા વટાવી ગઇ હતી.

ત્યાં તો સંસારત્યાગ કરવારૂપ ધડાકો એકાએક સંભળાયો. ભગવંત મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરનો ધર્મ સંસારની અસારતા સમજાવવાનો હતો પણ યૌવનના આંગણે ઊભેલી પ્રેમદા પ્રિયદર્શનાના કર્ણપટે આ સમાચાર અથડાતાં શું થવાનું ? બાળિકા શેષવતીનું શીરછત્ર આમ એકાએક ચાલી જવાનું તેનું શું ?

શ્રી કોઈને ખાત્રી હતી કે જમાલિના વચનમાં ગોલ્ડેકઠ ન જ હોય. જમાલિ જેવો રાજવી વૈરાગ્યના ઊંડાણ માપ્યા વગર એકદમ કૂદી પડે તેવો નહોતો. એ જ રીતે યશોદા જેવી ભાગવતીની પુત્રી પ્રિયદર્શના ત્યાગના નામથી ગભરાઇ ... ગાંચકાંગલી પણ નહોતી જ. તેણીના અંતરમાં સાચા પ્રેમની છાપ અંકિત થઇ હતી. ભાગવંત પુત્રી આત્મા અને પુદ્દગલના ભિન્ન સ્વભાવોથી પૂર્ણ પરિચિત હતી.

સખીમુખે જ્યારે આ સમાચાર તેણીના કર્ણપટ પર અથડાયા ત્યારે કલ્પના કરતાં જુદા જ શબ્દો પ્રગટ થયાં. ‘ કદાચ છાતી ચાથા નાંખી કૂટે, પણ પ્રિયદર્શના નિરાશ તો બનશે. ’ આ કલ્પના હવામાં ઊડી ગઇ અને સભાંગણમાં ગર્જતી ક્ષત્રિયાણીના વેણુ સમા શબ્દો કાને પડ્યા તે આ રહ્યા.

સખી, એમાં અકળામણ કેવી ? નિરાશ થવાનું કારણ શું ? જે માર્ગ વ્હાલાએ સ્વીકાર્યો એ પાછળ જવું એ મારો ધર્મ. પતિ પાછળ સતીએ ઝુકાવવું એ તો પરંપરાગત કાનૂન. નેમ-રાજીમતી, શંખ-કળાવતી અને નળ-દમયંતી જેવા સંખ્યાબંધ યુગલના વૃત્તાન્ત હું રજૂ કરી શકું તેમ છું.

પણ, બા, પેલી નાનકડી શેષવતીનું શું ?

ગાંડી, તેનું ભાગ્ય તેની સાથે છે ને. રાજમહાલયમાં એની સંભાળ લેનારા ક્યાં ઓછા છે ? બાકી સગાંવહાલાં કે માતપિતા તો નિમિત્ત માત્ર છે. માત્ર આત્માએ પોતે જ પોતાનો ભાવિ પંથ કેવા પ્રકારનો હોય એ મુકરર કરવાનું છે. આત્મિક પુંજી એ જ સાચી મિલ્કત છે.

જા, જા, સ્વામીને સત્વર ખબર આપ કે,-તેમને અનુસરવા આ દાસી તૈયાર જ ઊભી છે. પત્નીના રાહ પતિથી જુદા ન જ હોય. ‘ कम्मे शूरा, धम्मे शूरा ’ એ આગમ ગ્રંથનું ટંકશાલી વચન ઉપર જોયું તેવા કેટલાક આત્માઓના આચરણમાં યથાર્થપણે પરિણમેલું દૃષ્ટિગોચર થાય છે. અલબત્ત એ વાતકી સુવર્ણ-યુગની છે. કળિયુગમાં એ પર કચરાના ઢગ જામ્યા હોય ત્યાં સાક્ષાત્કાર કરવાની ઉમેદ રાખવી વધારે પડતી લેખાય.

સારા યે શહેરની પ્રજાએ સમય પૂર્વેની રંગીલી જોડીને-ભોગી દંપતીને-સર્પ જેમ કાંચલી ત્યાગી જાય તેમ સંસારજીવનના વિલાસોને લાત મારી, અરે ! એનું મમત્વ ત્યજી દઇ, સંયમપંથના કપરા માર્ગે ચાલી નીકળેલા નિહાળ્યા. પંચ મહાવ્રતની પ્રતિજ્ઞાઓને સમજણપૂર્વક ધરનાર એ આત્માઓ દીક્ષાવિધિની સંપૂર્ણતા પછી છૂટા પડ્યા. જમાલિ સ્થવિર સાધુઓ સાથે ચાલી નીકળ્યા. સાથમાં પેલા હજાર ક્ષત્રિયપુત્રો પણ હતા જ. જમાલિના જીવનમાં લહાકાર બનેલા એ માનવો સાધુ થતાં અચકાયા નહીં. દીક્ષાના રંગ કરતાં પણ પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાયકનો વિરહ ન થાય એ રંગ બળવત્તર હતો. પ્રિયદર્શના પણ એકલવાયી નહોતી. પાંચસો સખીઓનું જૂથ તેણીની સાથે જ સંયમ પંથ પર ચઢી ચૂક્યું હતું. થોડીક સખીઓને ગૃહસૂત્રના તાણા તોડતાં વિઘ્ન આવેલા, પણ એ કાળ જ અનેરો. સાથો આરો અને જ્ઞાની ભગવંતનું સાનિધ્ય. શંકાના નિવારણમાં વિલંબ થાય જ નહીં. સ્નેહ જન્માવી પણ જાણે અને એને જીવનમાં આચરી પણ જાણે. એવા જોડલાં તો ડગલે પગલે દૃષ્ટિગોચર થાય. કોઇ પ્રસંગમાં મનદુ:ખ સંભવે છતાં એ આવાસની દિવાલો વટાવી બહાર ન પહોંચે. અશોકવૃક્ષની છાયા હેઠળ ન હોય શોક કે ન હોય સંતાપ. પ્રવ્રજ્યાના આલાપ શ્રવણ કરતાં સૌના ચહેરા પ્રફુલ્લ જ હોય. ઉછળતા હૈયે સાધ્વી જીવનનો અંચલો ઓઢી પ્રિયદર્શના પરિવાર સહ, ચંદનબાળા પ્રવર્તિનીને સોંપાણી.

'રાગી અને ત્યાગીના રાહ નિરાળા' એ નિયમ અનુસાર માનવગણ નગરમાં પાછો ફર્યો અને સાધુ-સાધ્વીના સમુદાય પંખીગણ સમ જૂદી જૂદી દિશામાં વિહાર કરી ગયા.

ભગવંત મહાવીર દેવના દર્શનમાં મુનિ જીવન જીવવું એ ખાંડાની ધાર પર ચાલવા જેવું કપરું કામ. કષ્ટસહન અને દેહદમન એ એના મુખ્ય અંગ. ઇંદ્રિયોના વિકારો પર કાબૂ, અને ક્રોધ-માન-માયા અને લોભરૂપ કષાય ચોકડી પર સંપૂર્ણ પ્રભુત્વ મેળવવા સારુ રોજની કરણીઓ જે રીતે નિર્માણ થયેલી, એ રીતે જરાપણ શિથિલતા દાખવ્યા વિના, સમજણપૂર્વક આચરવાની. એ ઉપરાંત જે સમય હાથમાં રહે એમાં સ્થવિર ગુરુ પાસે જ્ઞાનાર્જન કરવાનું. ગુરુગમ વિના સાચી જ્ઞાનપ્રાપ્તિ સંભવે જ નહીં એ પ્રથમ યાને મુખ્ય શિક્ષાસૂત્ર. એ કારણે ગુરુનો વિનય-એમનું બહુમાન સાચવવું એ બીજું સૂત્ર. '**विनयमूलो धम्मो**' એ આગમવચન. 'વિનય વડે સંસારમાં, ગુણમાં અધિકારી રે' એ કવિવચન.

આ જાતના દૈનિક કાર્યક્રમમાં વર્ષો વીત્યાં. સતેજ બુદ્ધિવાળા જમાલિ સાધુ પવિત્ર સાધુ જીવન ગાળતાં ઊંચી સીમાએ પહોંચ્યા. જો કે એમને અવધિ આદિ ઉચ્ચ કક્ષાનું જ્ઞાન હજુ થયું નહોતું છતાં સૂત્રોના અભ્યાસમાં એ એક્કા ગણાતા.

અકસ્માત્ એમને વિચાર ઉદ્ભવ્યો કે હવે ભગવંતથી જુદા વિચરવું અને પોતાની વિદ્યાદ્વારા પ્રભાવ પાથરવો. દિવસો જતાં વિચાર નિશ્ચયમાં પરિણમ્યો.

સમય મેળવી એક દિવસે ભગવંત પાસે મુનિપુંગવ જમાલિએ પોતાની માંગણી રજૂ કરી.

જ્ઞાની ભગવંતને ભાવિના ચિત્રો ચક્ષુ સામે તરવરતા હતા. એમાં જમાલિ મુનિ માટે સારી આગાહી ન દેખાણી. પ્રભુએ હા ન ભાણી પણ મૌન રહ્યા.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર અને જૈન સંસ્કૃતિ*

આજની તારિખથી બરાબર આ જ દિવસે ચૈત્ર શુદ તેરસના રોજ ૨૫૪૬ વર્ષ પૂર્વે વિદેહ દેશની રાજધાની વૈશાલી નગરી સામે આવેલી ગંડકી નદીને પેલે પાર તેના ઉપનગર ક્ષત્રિયકુંડ ગામમાં રાજા સિદ્ધાર્થની દેવી ત્રિશલાએ સદર મહાપુરુષને જન્મ આપ્યો. ઈ. સ. પૂર્વે ૫૯૮ વર્ષે એ ઐતિહાસિક બનાવ બન્યો. વૈશાલી નગરી તે વખતે જન રાજ્ય હતું. વજ્જીવંશના એ ક્ષત્રિયો લિચ્છવીના નામથી ઓળખાતા હતા. એના ગણરાજાઓ ચુંટણી રીતસર થતી હતી અને લિચ્છવીને અરસપરસ પ્રેમ પણ સારો હતો. મગધના (બિહારના) રાજગૃહ નગરમાં શ્રેણીરાજ્ય હતું ત્યારે વિશાલા નગરીમાં ગણરાજ્ય હતું.

જનતામાં તે વખતે બ્રાહ્મણ સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિ સાથેસાથ ચાલતી હતી. બ્રાહ્મણ સંસ્કૃતિમાં સાંખ્ય, નૈયાયિક, વેદાંત વગેરે મતો ચાલતા હતા. શ્રમણ સંસ્કૃતિમાં જૈન, બૌદ્ધ, આજિવક વગેરે મતો ચાલતા હતા. બ્રાહ્મણ સંસ્કૃતિ વેદને પ્રમાણભૂત માનતી હતી, શ્રમણ સંસ્કૃતિ પોતપોતાના ધર્મગ્રંથોને પ્રમાણભૂત માનતી હતી. સિદ્ધાર્થરાજા પાર્શ્વનાથ પરંપરાથી ચાલી આવતી જૈન સંસ્કૃતિના ઉપાસક હતા. લિચ્છવી લોકોમાં ભારે સંપ હતો. તેમના નેતાઓ સાથે મળીને રાજ્યવહીવટ કરતા હતા. એના ઉપરીની પસંદગી ગણરાજાઓ કરતા.. શ્રી સિદ્ધાર્થરાજા ક્ષત્રિયકુંડ ઉપનગરના તંત્રવાહક હતા.

શ્રી વર્ધમાનનો જન્મ થયો ત્યારપછી સિદ્ધાર્થરાજાએ ઉત્સવ કર્યો. લિચ્છવી જાતના ક્ષત્રિયોમાં ખૂબ આનંદ થયો અને બારમે દિવસે આનંદધ્વનિ વચ્ચે પુત્રનું વર્ધમાન નામ રાખવામાં આવ્યું. જ્યારથી એ ગર્ભમાં આવ્યા ત્યારથી સિદ્ધાર્થ રાજાના માન-મરતબા તથા આવક અને સમૃદ્ધિમાં ખૂબ વધારો થતો ચાલ્યો હોવાને કારણે પુત્રનું ગુણ-નિષ્પન્ન વર્ધમાન નામ રાખવામાં આવ્યું.

ક્રમસર વૃદ્ધિ પામતા અન્ય રાજકુમારો સાથે ક્રીડા કરતાં એક વખત એક મોટા વૃક્ષ પાસે સર્વે કુમારો જઈ ચઢ્યા. કુમારો ખેલતા હતા ત્યાં વૃક્ષના મૂળ આગળ મોટો સર્પ–અજગર તેમના જોવામાં આવ્યો. કુમારો બધા ગભરાઈને નાશી ગયા, પણ વર્ધમાન-કુમારે તે સર્પને હાથે પકડીને દૂર દૂર ફેંકી દીધો. આવા આવા પ્રસંગે અસાધારણ ધૈર્ય–શક્તિ અને પરાક્રમને કારણે વર્ધમાનકુમારનું બીજું ઉપનામ મહાવીર પડ્યું. એટલે વર્ધમાન, મહાવીરના નામથી એ પ્રસિદ્ધ થયા.

એમણે બ્રાહ્મણ પંડિત પાસે લેખશાળામાં પણ અસાધારણ પાંડિત્ય બતાવ્યું. અને પછી આજુબાજુની પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા માંડ્યું. એમને બ્રાહ્મણ સંસ્કૃતિમાં

---

* તા. ૨૧–૪–૧૯૪૮ ના રોજ શ્રી મહાવીર જયંતિ પ્રસંગેનું મુંબઈ રેડીયો પરથી શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ કરેલ વાયુપ્રવચન.

( ઓલ ઇંડીયા રેડીયો મુંબઈના સૌજન્યથી ).



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલતી ચાર વર્ણની–બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રની વ્યવસ્થામાં વિચિત્રતા લાગી. બ્રાહ્મણનું સર્વોપરીપણું અને શૂદ્રના સેવાભાવને અંગે ગણાતી હલકાઇમાં મનુષ્ય જાતિનું અપમાન લાગ્યું, એમને આશ્રમના વિભાગમાં બીનજરૂરી દુર્વ્યવસ્થા લાગી અને યજ્ઞયાગની હિંસામાં ભારે આઘાત થતો દેખાયો. પ્રત્યેક મનુષ્ય કે આત્મા મોક્ષનો અધિકારી હોઇ શકે, યોગ્ય માર્ગે પ્રગતિ કરી શકે એ વાત એમને સ્પષ્ટ લાગી અને સાધન ધર્મોમાં તપ, સંયમ અને અહિંસાને યોગ્ય પ્રધાન સ્થાન મળવું જોઇએ એમ દેખાયું. આ અવલોકન, વિચારણા અને ચિંતવનને પરિણામે એમણે સંસારમાં ચાલતી વિચિત્રતાઓ તપાસી, એમને સંસારના રાગદ્વેષો સાલવા લાગ્યા, એમને દુનિયાની આકૃતો, માયાવિઓ અને વિસંવાદોમાં મનોવિકારનાં સામ્રાજ્ય જણાયાં અને આત્મવિકાસ કરવા માટે એમણે તક શોધવા માંડી.

એમણે ત્રીશ વર્ષની વયે ગૃહત્યાગ કર્યો, સાંસારિક સર્વ સંબંધો છોડી દીધા અને કંચન, કામિની, ઘર, રાજ્ય કે સ્નેહસંબંધ સર્વ તજી દઇ પોતે અણગાર બન્યા અને શરીર પરની માયા છોડી દઇને આત્મદશાનો વિકાસ કરવા ભારે તપ આદરી ગ્રામાનુગ્રામ ફરવા માંડ્યું. એમણે ભારે આકરા તપો સાડાબાર વર્ષ સુધી કર્યા, ભારે દેહદમન કીધું અને અનેક જાતના ઉપસર્ગો એમના પર થયા–એ સર્વની કસોટીમાંથી પોતે પાર ઉતર્યા. એમણે પોતાના નિયમો પૂરી અગવડે પણ પાળ્યા અને એ રીતે શરીર પર, વાણી પર અને મન પર ભારે કાબૂ મેળવ્યો. અને જ્યાં સુધી પોતાની યોગપ્રગતિ આત્મસંતોષકારક ન થઇ ત્યાં સુધી યોગપ્રગતિને અંગે પોતે એક અક્ષર પણ બોલ્યા નહિ, પણ આંતર આત્મશક્તિનો વધારો કર્યા કર્યો.

તે યુગમાં દેહદમન અને તપને અંગે થોડો મતભેદ ચાલતો હતો. કેટલાક પ્રગતિઇચ્છકને તપમાં શરીરકષ્ટ લાગ્યું પણ શ્રી મહાવીરને યોગનિરોધને અંગે તપનો મહિમા બહુ આવશ્યક લાગ્યો. એમણે સાડાબાર વર્ષ આ રીતે ભારે પરિસહ, ઉપસર્ગ સહન કરી શરીર, વાણી અને મન પર ભારે કાબૂ મેળવ્યો, ઉપશમભાવને કેળવ્યો અને સંયમ અને ત્યાગભાવમાં મશગુલ રહ્યા. એમને યુદ્ધમાં આનંદ નહોતો, ખાવાપીવામાં રસ નહોતા, શરીરરચના કે શોભામાં રસ નહોતો, ઘરબારની પરવા નહોતી, ધનધાન્ય મેળવવાની આકાંક્ષા નહોતી, પુત્ર પુત્રી પરિવાર વધારવાની પરવા નહોતી, રાજવૈભવ માણવાની હોંસ નહોતી. આ સાધકદશા દરમ્યાન તેમનો વિહાર બિહારમાં આવેલા રાજગૃહ, ચંપા, ભદ્દિયા, વૈશાલી, મિથિલા વગેરે પ્રદેશમાં થયો. તેમણે ઘરબાર કે રાજવૈભવનો ત્યાગ કર્યો અને અનેક પ્રકારનાં આકરા ઉપસર્ગોને સહન કર્યાં. આવી યોગભૂમિની સાધનામાં એમણે કોઇની સહાય ન લીધી, કોઇનો આશ્રય ન સાધ્યો અને ઇંદ્ર જેવાએ એમને સહાય કરવા વિજ્ઞપ્તિ કરી ત્યારે તેમણે જવાબ આપ્યો કે–કોઇપણ ત્યાગી પુરુષ અન્યની સહાયથી પોતાનો ઉત્કર્ષ સાધે નહિ. એમને આત્માની અનંત શક્તિનો પૂરો ભરોસો હતો અને એ શક્તિ પ્રકટ કરવા માટે તપ, ત્યાગ અને સંયમની અગત્ય તેઓ વગર સંકોચે સ્વીકારતા હતા અને પોતાના એ અપ્રતિહત મુદ્દામાં જરાપણું અપવાદ કરવા તૈયાર નહોતા. એમણે ચંડકૌશિક સર્પના ઉપદ્રવો સહ્યા, એમણે અપકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનાર તરફ ઉપકાર કર્યો, એમણે ગોવાળીઆએ કરેલા કષ્ટો સહ્યાં અને સાડાબાર વર્ષને અંતે જંભિય ગામની બહાર ઋજુવાલુકા નદીને તીરે કેવળજ્ઞાન અને કેવળદર્શન મેળવ્યું. આ રીતે એમના તપ અને ત્યાગનું પરિણામ તેમને પ્રાપ્ત થયું, ત્રિકાળ અબાધિત સત્ય તેમણે જાતે અનુભવ્યું અને એના પરિણામે એમણે વિશિષ્ટ જ્ઞાનથી જે વિશ્વ વ્યવસ્થા જોઇ તે ઉપદેશદ્વારા એમણે દુનિયાને સમજાવી.

એમણે જૈન ધર્મ ચાલતો હતો તેમાં દેશકાળને અનુરૂપ જરૂરી સુધારાવધારા કર્યા, એમણે અનેક પ્રાણીઓને બોધ આપી સંસાર અને આત્માનો સંબંધ સમજાવ્યો, અને અનેક જીવોને આત્મજ્ઞાન સન્મુખ કરી સંસારની રખડપાટીમાંથી છોડાવ્યા. એમણે રાજા-મહારાજાઓને સાચો ધર્મ સમજાવ્યો, એમણે સ્ત્રીવર્ગની સમાનતા આગળ કરી અને એમણે ધર્મચક્રને ગતિમાન કરી દીધું. એમણે અહિંસા ધર્મને ખૂબ પ્રાધાન્ય આપ્યું. એમણે અહિંસાને સમજવાના હિંસા અને દયાનું સ્વરૂપ ખૂબ ઝીણવટથી સ્થાપિત કર્યું. એમણે પ્રામાણિક વ્યવહાર, પરિગ્રહનું પ્રમાણ, બ્રહ્મચર્ય, સત્ય, અસ્તેય વગેરે સદ્‌ગુણોનો ખૂબ ઉપદેશ આપ્યો, પણ કેન્દ્ર સ્થાને અહિંસાને રાખી અને અહિંસા રાખનાર કે જાળવનાર પ્રાણી વિશિષ્ટ ધર્મી થઇ, પોતાની પ્રગતિ સાધી, અંતે સંસારના રગડાઝગડાથી મુક્ત થઇ, અનંત આત્મશક્તિ પ્રકટ કરી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે એ બતાવ્યું. મનુષ્ય આગળ વધીને દેવ થઇ શકે છે અને છેવટે સર્વ કર્મોથી મુક્ત થઇ પરમાત્મા થઇ શકે છે એ વાત એમણે બહુ સુંદર રીતે બતાવી અને એ પરમાત્મ પદ મેળવ્યા પછી પણ પ્રત્યેક આત્માનું વ્યક્તિત્વ રહે છે એ વાત એમણે સ્પષ્ટ રીતે બતાવી મુક્તિ મેળવવા માટે કોઇના અનુગ્રહ-પ્રસાદની જરૂર નથી, આત્માની પોતાની અનંત શક્તિ છે અને તે પ્રયત્નથી પ્રકટ કરી શકાય છે એ વાત તેમણે બતાવી.

એમના ઉપદેશનો મુખ્ય ઝોક કષાયનો ઉપશમ, વિકાર પર વિજય, મન પર કાબુ, વાણી અને શરીર પર સંયમ અને કામદેવ પર વિજય મેળવી બ્રહ્મચર્ય પાલન પર હોઇ એમણે કષાયવિજય માટે બહુ બહુ રીતે આગ્રહ બતાવ્યો છે એ ઉપરાંત હાસ્ય, રતિઅરતિ અને શોક કે પરની દુગંછા જેવા દોષ પણ મનોવિકાર હોય, પરનિંદા, પરાપવાદ બોલવાની વૃત્તિ હોય કે ઇંદ્રિયસુખો ભોગવવાની વૃત્તિ હોય ત્યાં સુધી સર્વથા મોક્ષ ન થઇ શકે એ હકીકત બતાવી તેમણે મન-વચન-કાયાના ત્રિવિધ સંયમને ખૂબ મહત્વનું સ્થાન આપ્યું. એમના પોતાના દેહદમન-કષ્ટ સહન કરવાની તૈયારી અને ત્યાગવૃત્તિને અંગે કરેલ સર્વ ત્યાગનો દાખલો એમણે એવો બેસાડ્યો કે રાજમહેલ કરતાં કે રાજવૈભવ કરતાં પણ ત્યાગ ભાવના વિશેષ જરૂરી છે, આગામી લાભ અપાવનારી છે અને સર્વ સંયોગોમાં પ્રગતિ કરાવનારી છે એ વાત એમણે સ્વયંસિદ્ધ કરી બતાવી, પોતાના જીવનથી બતાવી આપી અને એના સતત ઉપદેશથી એને સ્વરૂપ આપ્યું.

શ્રી મહાવીરના ઉપદેશનો ઝોક બહુવિધ છે. આત્મપ્રદેશમાં એમણે આત્માની અનંત શક્તિ બતાવી, આત્માની એ આવરણ પામેલી શક્તિ પુરુષાર્થથી પ્રકટ થાય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્તવ્ય ભૂમિમાં ઉદ્યોગને પ્રાધાન્ય છે એમ બતાવી તેમણે પ્રાણીનો પરભવ અને મુક્તિ માન્યા અને યોગસાધનાદ્વારા મુક્તિ બતાવી. એ સાપેક્ષ છે એમ બતાવતાં કર્મનો સિદ્ધાંત બહુ ઝીણવટથી સમજાવ્યો અને એ કર્મ ઉપર આત્મા સામ્રાજ્ય મેળવી શકે છે એ વાત પર ભાર મૂક્યો. જીવ અને અજીવના ભેદ બતાવી છ દ્રવ્યની સ્થાપના કરી, પુદ્ગલ અને જીવનો સંબંધ બતાવ્યો અને કર્મને પણ પૌદ્ગલિક બતાવી એનો સંબંધ કેવી રીતે દૂર કરી શકાય છે તેનાં સાધનો બતાવ્યાં.

શ્રી મહાવીરે સાધન ધર્મોમાં સર્વ ત્યાગ ઉપદેશી સાધુમાર્ગ બતાવ્યો અને તે ન બની શકે તેને માટે શ્રાવકધર્મ–મધ્યમ માર્ગ બતાવ્યો. સાધુધર્મમાં પાંચ મહાવ્રતને આગળ કર્યાં. સર્વ જીવોની હિંસાનો ત્યાગ, સત્ય વચનોચ્ચાર, ચોરીનો ( પારકી વસ્તુનો ) ત્યાગ, બ્રહ્મચર્ય અને પરિગ્રહનો ત્યાગ બતાવ્યા. આ સર્વદેશીય પાંચ વ્રત પાળનાર યમ નિયમ ધારણ કરનાર સાધુ–યતિને ધર્મચક્રમાં પ્રધાન પદ આપ્યું. એને માટે દશ યતિધર્મો બતાવ્યાઃ ( ૧ ક્રોધ પર વિજય તે **ક્ષમા;** ૨ માન પર વિજય તે **માર્દવ** ૩ માયાનો ત્યાગ સરળતા તે **આર્જવ,** ૪ લોભનો ત્યાગ તે **મુક્તિ,** ૫ બાહ્ય અને અભ્યંતર ઇચ્છાનો નિરોધ તે **તપ,** ૬ ઇંદ્રિયો અને મન પર કાબૂ તે **સંયમ,** ૭ પ્રિય હિત મિત અને તથ્ય વચન બોલવું તે **સત્ય,** ૮ અંદર અને બહાર પવિત્રતા–સાફાઇ–સાદાઇ રાખવી તે **શૌચ,** ૯ ઘરબાર ધન માલ મિલ્કત પર મૂર્છાનો ત્યાગ તે **અકિંચનતા** અથવા નિષ્પરિગ્રહતા, ૧૦ કામદેવ પર વિજય તે **બ્રહ્મચર્યઃ** આ દશ યતિધર્મોના પાલનનો તેમનો ખાસ ઉપદેશ હતો. )

શ્રાવક માર્ગમાં એ પાંચ વ્રતોનો દેશથી ત્યાગ સૂચવ્યો. દાખલા તરીકે શ્રાવક પરિગ્રહનો સર્વથા ત્યાગ ન કરી શકે તો હદ બાંધે, અમુક રકમે સંતોષ રાખે. એ પાંચ દેશ વ્રતો ઉપરાંત દિશાએ જવાનું ધોરણ, ખાવાપીવાના પદાર્થો પર નિયમન, નકામી પાપબંધનની વાતો કે પ્રસંગો પર અંકુશ, સમતાથી ચેતનને ધ્યાવવા માટે સામાયિક, પૌષધ અને અતિથિ માટે સન્માનઃ આવાં બાર વ્રતોના પાલનનો ઉપદેશ આપ્યો.

આ સાધન ધર્મોનો ઉપયોગ કરવા એમણે આત્મદમનને પ્રાધાન્ય આપ્યું. ત્યાગ અને સંયમમાં મહત્તા બતાવી અને પરનિંદાત્યાગ, નકામી વાતો કરી શક્તિનો દુર્વ્યય કરવાનો અભાવ, કષાય પર વિજય વગેરે નીતિનાં સૂત્રો ખૂબ ઝીણવટથી બતાવ્યા અને કોઇ કાર્ય બાહ્ય દેખાવ માટે ન કરતાં આત્મદષ્ટિએ અને ચેતનની પ્રગતિના ખ્યાલથી કરવા આગ્રહ બતાવ્યો.

એમણે સાધુ અને શ્રાવકના ગુણો બતાવ્યા તથા એમણે માર્ગાનુસારીના ગુણો બતાવ્યા તે વિચારતાં એમાં દેહદમન અને પુરુષાર્થને ખૂબ મહત્ત્વ અપાયું છે, એમણે શુદ્ધ પવિત્ર વ્યવસાય અને વ્યવહારને અગ્રપદ આપ્યું છે. એમના સર્વ ઉપદેશમાં અહિંસાને કેંદ્ર સ્થાને રાખેલ છે. તેમના નીતિમાર્ગનો ઉપદેશ ઘણો વિગત ભરેલો હોઇ સંક્ષેપ કરવો મુશ્કેલ છે; પણ ટુંકાણમાં રજુઆત કરવી હોય તો ત્રણ શબ્દમાં તેને કહી શકાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ છે. **અહિંસા, સંયમ અને તપ.** આ ત્રણેમાં અહિંસાને પ્રાધાન્ય. તેમાં સ્વદયા, પરદયા; દ્રવ્ય દયા, ભાવ દયા; સ્વરૂપ દયા, અનુબંધ દયા અને વ્યવહાર દયા, નિશ્ચય દયા.—એનું ખૂબ વિસ્તારથી દર્શન કરાવ્યું છે. સંયમમાં ઇંદ્રિયો પર અંકુશ, મન પર કાબૂ અને તે દ્વારા આવો યોગ બતાવ્યો છે, અને તપમાં બાહ્ય તપ, ઉપવાસ, વસ્તુત્યાગ ઉપરાંત તેમણે વિનય, સેવાભાવ, અભ્યાસ, દેહનો ઉત્સર્ગ વગેરેને આંતર તપમાં બતાવ્યો છે. મનુષ્ય ભવની દુર્લભતા બતાવી તેનો લાભ લેવા પ્રેરણા કરે છે અને પ્રમાણિક સેવા-ભાવી પવિત્ર જીવન જીવવા માટે સાદાઈ, સરળતા, સભ્યતા અને સ્વાર્થ રહિતતા માટે ખૂબ પ્રેરણા કરી છે.

સામાજિક દૃષ્ટિએ તેમણે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, સ્ત્રીસમાજને ખૂબ આગળ પડતું સ્થાન આપ્યું, અને એ ચતુર્વિધ સંઘમાં કોઇને પણ દાખલ કરવાનો નિર્ણય બતાવ્યો, માત્ર શરત એટલી જ રાખી કે એ પ્રાણી શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને સાચા ધર્મનો સ્વીકારનાર હોવો જોઇએ. જન્મથી બ્રાહ્મણ ન હોય, પણ કર્મથી હોય એ વાત એમણે અનેક દાખલાથી બતાવી આપી. એમના ઉપદેશ શ્રવણ, શાસ્ત્રના અભ્યાસ અને સંઘમાં દાખલ થવાની ઉમેદવારી શરતે ગમે તે વર્ણના, ગમે તે જન્મના, ગમે તે દેશના માણસને તેમાં દાખલ થવાની છૂટ હતી.

એમણે અનેકાંતવાદની સ્થાપના કરી સર્વ ધર્મોમાં અંશ સત્ય છે એ વાતને પ્રાધાન્ય આપ્યું. કોઇ ધર્મ ખોટા છે એમ તેમણે ન કહ્યું, પણ તે તે અંશે એમનામાં સત્યસાધના અંશો છે તે બતાવી આત્માની મુક્તિ માટે પ્રમાણ સત્ય મેળવવાનો આગ્રહ સૂચવ્યો. ન્યાયસંગત અક્કલમાં ઉતરે તેવી વાત સ્વીકારવાનો આગ્રહ બતાવ્યો અને ધર્મસૂત્રોને પાકી કસોટીમાં મૂકવા પ્રેરણા કરી. નયવાદ અને પ્રમાણવાદદ્વારા, સપ્તભંગી અને નિક્ષેપ-દ્વારા, સ્યાદ્વાદના સ્વીકારદ્વારા એમણે ધર્મના રહસ્યને ખૂબ વિચારણા અને તર્કની કોટીની મધ્યમાં મૂકી દીધું અને યુક્તિયુક્ત વચનનો સ્વીકાર કરવાના આગ્રહમાં સર્વ ધર્મો તરફ મધ્યસ્થભાવ બતાવ્યો. પરમતસહિષ્ણુતાનો એમનો ઉપદેશ જાણીતો છે, જીવતો છે, સમજવા યોગ્ય છે.

સામાજિક દૃષ્ટિએ એમના ઉપદેશનો આખો ઝોક આત્માના વિકાસ તરફ રહ્યો. ચેતન પોતે શુદ્ધ છે, નિર્મળ છે, અનંત શક્તિનો ધણી છે. એના અનંત દર્શન, જ્ઞાન, ચારિત્ર અને શક્તિ કર્મના સંયોગથી અવરાયા છે, એના પર આચ્છાદન આવી ગયું છે, તે દૂર કરવા પ્રયત્ન કરવો એમાં જન્મની સફળતા છે અને ચેતનની શુદ્ધિ પુરુષાર્થથી શક્ય છે એ વાત પર શ્રી મહાવીરે ખૂબ જોર આપ્યો છે. યોગનિરોધદ્વારા કર્મને દૂર કરવા અને ચેતનના ઉત્કર્ષ સંનાદિત્વ કરવામાં છે તે માટે તેમણે ધ્યાનયોગ પર ખાસ ભાર મૂક્યો અને જૈન ધર્મને લોકધર્મ બનાવવા એમણે ગામે ગામ ફરીને સર્વ પ્રકારના લોકોનું જીવન પ્રમાણિક, ઉપયોગી અને આત્મસન્મુખ થાય તે માટે બહુ વહેવારુ શુદ્ધ અને વિકાશીલ રસ્તાઓ બતાવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમનો ઉપદેશ સીધો, સરળ, વ્યવહારુ અને માર્ગ પર રાખનાર અને પ્રમાણિક સાહાય્ય, નિર્મળ ચારિત્ર અને આંતરશુદ્ધિને માર્ગે હોઇ એમાં ગોટાળા-ગૂંચવણને સ્થાન નથી, એમાં વ્યવહારકુશળતા, જગત કલ્યાણની ભાવના અને ચેતનરામ તરફની દૃષ્ટિને મુખ્યતા હોવાને કારણે એમાં બાહ્ય દેખાવ, ધાંધલ-ધમાલને સ્થાન નથી, એમાં સુંદર ચારિત્ર, અંતરાત્મભાવ અને વ્યવહાર નિશ્ચયનો સમન્વય મુખ્ય સ્થાને છે અને એમાં આત્માનો સાચો વિકાસ કેન્દ્ર સ્થાને છે.

અહિંસાને આગળ પાડી, આનયોગની મહત્તા વધારી, આત્માના વિકાસને અગત્યનું સ્થાન આપી, ધર્મ એ અંતરાત્માનો વિષય છે એમ બતાવી, મનોવિકારો પર વિજય મેળવવાની વાતને ખૂબ મહત્વ આપી, તેમણે કર્મનો સિદ્ધાન્ત સ્વીકારવા છતાં આત્માની અનંત શક્તિ બતાવી, આત્માનો વિકાસ ચેતન પોતે જ કરી શકે છે એમ બતાવી જગત્-કર્તૃત્વના પ્રશ્નનો સરસ ઝોક આપી દીધો અને કર્તા હર્તા ભોક્તા ચેતન પોતે જ છે અને પોતાનો મોક્ષ સાધવાની એનામાં શક્તિ છે એ વાતની સ્થાપના કરી એમણે ઇશ્વરકર્તૃત્વનો નિષેધ ન્યાયસંગત બનાવ્યો અને છતાં કર્મવાદને એવી રીતે ગુંથી નાખ્યો કે ઇશ્વરની ગેરહાજરીથી પ્રાણી નિશ્ચિંત કે નભાદવસ થઇ જાય તેવી સ્થિતિ ન રહેવા દીધી. પોતાને સંપૂર્ણ જ્ઞાન થયા પછી શ્રી મહાવીરે ગામેગામ વિચરી આવો સાદો સરલ ઉચ્ચગ્રાહી ઉપદેશ ત્રીશ વર્ષ સુધી આપ્યો અને ગત દિવાળીથી ૨૪૭૩ વર્ષ પહેલાં સંપૂર્ણ કર્મનો ક્ષય કરી પોતાનો મોક્ષ પ્રાપ્ત કર્યો, પોતે સર્વ દુઃખ, રખડપાટી અને ઉપાધિથી છૂટા થઇ અનંત જ્ઞાનદર્શનમય થઈ ગયા અને એ રીતે કોઇ પણ પ્રાણી પવિત્ર જીવન જીવી પોતાનો મોક્ષ સાધી શકે છે એ બતાવી કોઇ પણ મનુષ્યને દેવ બની જવાની શક્યતા છે એ બતાવી આપ્યું. એમણે લોકહિતને ગચ્છસ્થાન આપ્યું અને અનેક જનોના સુખસાધનને પોતાની પ્રગતિ અને વિકાસનું કારણ જણાવ્યું. ધર્મમાં અનેકાંતવાદ બતાવી એમણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની વિચારણાને ખૂબ અગત્યનું સ્થાન આપ્યું અને તે દ્વારા મૂળ મુદ્દાને લક્ષ્યમાં રાખી સમય પ્રમાણે ધર્મક્ષેત્રમાં ફેરફાર કરવાની આવશ્યકતા સૂચવી દીધી. અને નીતિ અને ચારિત્રના માર્ગોને ખૂબ મહત્વ આપી જીવન કાર્યશીલ, ભાવનાશીલ અને નિત્ય પ્રગતિશીલ રહે એ માટે એમણે ક્રિયા અનુષ્ઠાનોની વિવિધતા બતાવી, પણ એમાં અહિંસા, સંયમ અને તપને સાર્વત્રિક પ્રધાનતા આપી.

ઘણી વિવિધતાથી ભરપૂર પણ જરા પણ અંદરઅંદરના વિરોધ વગરનો ઉપદેશ તેમણે સતત ધારાએ ત્રીશ વર્ષ સુધી આપ્યો. આત્માનું અમરત્વ પ્રાપ્ત કરવા, વાચાવિનદીપણું છોડવા, મોહ અને અજ્ઞાન પર સામ્રાજ્ય મેળવવા અને વિષય તથા મન પર કાબૂ મેળવવા તેમણે ખૂબ પ્રેરણા કરી અને જીવન સફળતા આત્માની પ્રગતિને આગળ ધપાવવાના માપકયંત્ર પર રાખી પ્રેરક જીવન્ત ભાવવાહી બોધ આપ્યો અને તેની પ્રરૂપણા કરી અનેક જીવોને સન્માર્ગે ચઢાવ્યા અને તે દ્વારા તેમણે પોતાનો મોક્ષ સાધ્યો.

મૌક્તિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " कुलक " संज्ञक जैन रचनाएँ

( लेखक—अगरचंद नाहटा )

जैन साहित्य–सागर में आगम, प्रकरण, पयन्ना, कथा, चरित, कुलक, रास, भास, गहुंली, गीत, स्तवन, स्तोत्र, सज्झाय, तीर्थमाला, चैत्यपरिपाटी, संधि, वेलि, सलोका, विवाहलो, संवाद, फागु आदि एवं निर्युक्ति, चूर्णि, भाष्य, टीका, वृत्ति, अवचूरि, बालावबोध, टबा इत्यादि विविध संज्ञावाले व्याख्या ग्रन्थोंरूपी नदी–नालों का समावेश होता है। उन सभी की स्वतंत्ररूप से शोध, अध्ययन, आलोचना किये बिना उसी महासागर की गरिमा एवं महत्ता हृदयंगम नहीं हो सकती। बड़े ही खेद का विषय है कि जैन वाङ्मय जितना विशाल एवं विस्तीर्ण है उसकी शोध, अध्ययन एवं आलोचना करनेवाले उतने ही न्यूनतम हैं, अतः इस अमूल्य रत्नाकर की ओर बहुत ही कम विद्वानों का ध्यान आकर्षित हुआ है। जिस साहित्य की चर्चा प्रत्येक सामयिक पत्र–पत्रिकाओं में, जनता के मुखों में, घर–घर में गूंजनी होनी चाहिये थी उसका पता हम जैन नामधारी व्यक्तियों को भी नहींवत् है। स्वर्गीय महाकवियों एवं वाङ्मयप्रणेताओंने जिस आशा एवं भरोसे के साथ हमें यह अमूल्य निधि मनोहर सुपुर्द की थी हम उसके योग्य संरक्षक साबित न हो सके। हमने न स्वयं उसका उपयोग किया, न अन्य अधिकारी व्यक्तियों को ही उस से लाभ उठाने दिया।

वर्तमान युग हमारे साहित्य के समुद्धार एवं विवेचना के लिये बहुत ही उपयुक्त है। सांप्रदायिक भावना कम होती जाकर श्रेष्ठ एवं उपयोगी ग्रन्थों का पठनपाठन बढ़ता जा रहा है, अतः हमने अपने रत्नों का मूल्याङ्कन के लिये बाजार में जौहरीयों के सामने उपस्थित करना नितान्त आवश्यक है। प्राचीन शैली को आधुनिक उपयोगी एवं सुपूर्ण शैली से उन्हें प्रकाशित करना चाहिये जिस से वे सर्वजनसुलभ एवं उपकारक हो सकें। प्राचीन साहित्य को वर्तमान रूप देने से ही हमारा साहित्य घर घर में प्रचारित हो सकता है। हमें अपने प्राकृत, संस्कृत, अपभ्रंश एवं प्राचीन लोकभाषा के ग्रन्थों को वर्तमान हिन्दी, गुजराती, बंगला आदि भाषाओं में अनुवादित करना होगा। प्राचीन कथाओं को आधुनिक कहानियों की शैली से लिखना होगा। प्राचीन काव्यों एवं अन्य ग्रन्थों को वैज्ञानिक



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ढंग से विस्तृत प्रस्तावना, शब्द, कोष, विविध प्रतियों से पाठभेद संग्रह, अन्य साहित्य से तुलनात्मक विवेचना के साथ प्रकाशित करना होगा। इतना विशाल कार्य एक व्यक्ति तो क्या एक संस्था का भी नहीं हैं। कहने के लिये हमारी समाज में अनेकों प्रकाशिनी संस्थाओंने जन्म लिया है जिसमें से कुछ मुरझा गई और कुछ मंद गति हो चल रही हैं। कई जन्म पा रही है पर जहाँ तक इन सब का व्यवस्थित संगठन नहीं होगा मन चाहा काम होना संभव नहीं। हमें कार्य को सुचारु रूप से चलाने के लिये कार्य का बंटवारा करा लेना होगा, अन्यथा एक ही काम कई स्थानो से कई प्रकार से होकर व्यर्थ का समय एवं अर्थ का व्यय हो रहा है वह नहीं रुकेगा। एवं नवीन ग्रन्थों का चुनाव किये बिना यद्वातद्वा साधारण साहित्य का ढेर लग जायगा पर उपयोगी एवं महत्तापूर्ण ग्रन्थों को प्रकाशन का अवसर ही नहीं मिलेगा। इसी प्रकार प्रचार की सुव्यवस्था के बिना जहां आवश्यक नहीं, पुस्तकालयों-ज्ञानभंडारो में एवं १-१ व्यक्ति के पास पचीसपचास प्रतियो भक्ष्य बन रही है और योग्य व्यक्तियो एवं संस्थाओं खोजने पर भी एक प्रति नसीब--प्राप्त नहीं होती।

इतना प्रासंगिक निवेदन करने के पश्चात् मूल विषय पर आता हुं।

मध्यकालीन श्वे. जैन साहित्य में कुलक संज्ञक सैकडो रचनायें प्राप्त होती हैं। बाह्य दृष्टि से ये छोटी छोटी कृतियें हैं पर अपने अपने विषय को स्पष्ट करने में इन का अत्यंत महत्व है। थोडे से वाक्यों में जिस विषय पर रचना की गई है उसका निरूपण बडी कुशलता से करने के कारण 'गागर में सागर' भरा हुआ है, कह सकते हैं। कइ बाते तो इन कुलको में जितने सुकर रूप से विवेचित है वे अन्यत्र बडे ग्रन्थों में भी अप्राप्त है। बडे बडे ग्रन्थों में अनेक विषय साथ रहने से विवेचन व्यवस्थित नहीं होता पर कुलक छोटे होते हुए भी अपने आप में पूर्ण ग्रन्थ ही हैं और अनेकों बडे ग्रन्थों का सार-नवनीत इन में गुंफित किया हुआ मिलता है। खोजशोध के अभाव में बहुत थोडे से कुलकों का हमें पता है पर अनेक जैनभंडारों की प्रतियों एवं सूचीयों के निरीक्षण करने पर बहुत से नवीन कुलकों का पता चला, अतः इस लेख में यथाज्ञात २५० के करीब कुलकों कि सूची प्रकाशित की जा रही है। कुलकों की प्रतियें कौन से भंडारों में प्राप्त है इसका भी उल्लेख कर दिया गया है। जिन के सामने वैसा उल्लेख नहीं है उनका

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



निर्देश भा. ओ. इ. पुने प्रो. H. D. वेलणकर संपादित जिनरत्नकोश से संग्रहित किया गया है ऐसा समझना चाहिए।

सूची के समस्त कुलकों को स्वयं न देखने के कारण संभव है कई कुलक भिन्न नामद्वय एवं गाथाओं की कमी होगी। रचयिता के निर्देश न होने के कारण दो बार लिखे गये है। इसी प्रकार कइ कृतीयों की संज्ञा कुलक न भी हो एवं एक ही कुलक की पद्यसंख्या न्यूनाधिक प्राप्त होने से सूचित पद्य संख्या निश्चित नहीं हों। कइयों के कर्त्ताओं के नाम छूट गये हो। अतः विशेषज्ञ विद्वानों से विशेष जानकारी प्रकाशित करने का अनुरोध हैं। अन्यथा अन्वेषण करने पर और कुलकों और मिलने की संभावना है।

## कुलक साहित्य की प्राचीनता एवं विकास।

अद्यावधि उपलब्ध कुलकों में संभवतः गौतम कुलक सब से प्राचीन है। इसके रचयिता गौतम गणधर बताए जाते हैं। प्रमाणाभाव से यह कहाँ तक ठीक है कहा नहीं जा सकता। फिर भी संभवतः यह इतना प्राचीन है एवं रचयिता भी विद्वान होगा। हाँ, इसकी प्रसिद्धि तो सब से अधिकतर है। हमारे संग्रह में ही इसकी पचीसो प्रतियें मूल टबा एवं वृत्ति सहित है। सामान्यतः निश्चित रूप से जिन कुलकों के रचयिताओं का समय ज्ञात है कुलकों की रचना ११ वीं शताब्दी से होती है। कर्त्ता के नाम रहित है जो कुलक हैं उनमें संभव है श्री हरिभद्रसूरिजी के आसपास के हों, अतः ८ वीं शताब्दी तक कुलक की प्राचीनता मानी जा सकती है। पर विकास ११ वीं से हुआ। १२–१३–१४ सदी इनकी रचना का मध्याह्न काल था एवं १७ वीं शताब्दि तक यह परंपरा चालु रही। १८ वीं में बंद होगई ज्ञात होती है। भाषा की दृष्टि से प्राकृत, संस्कृत, अपभ्रंश एवं लोकभाषा में भी पायें जाते हैं। विषय की दृष्टि से अधिकांश कुलक जैन तत्त्वज्ञान, आत्मोपदेश के सम्बन्ध में ही रचे गये हैं।

## प्रकाशन की आवश्यकता।

जैसा कि पूर्व कहा गया है, थोडे में बहुत कहने की गंभीरता के कारण इनको कंठस्थ करना सुगम एवं बहुत ज्ञानवर्द्धक हैं अतः उपयोगिता की दृष्टि से इनका

१ दानादि कुलक पर १२ हजार श्लोक की एवं चैत्यवंदन कुलकादि पर भी ३॥–४ हजार की टीकाएं मेरे कथन की प्रामाणिकता के लिये काफी हैं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रकाशन बहुत ही आवश्यक हैं। वैसे दृष्टिकोण से भी बडे बडे ग्रन्थों के नष्ट होने की आशंका कम रहती हैं पर छोटी रचनाओं के प्रति उपेक्षा रहने कारण नष्ट होने की बहुत ही संभावना रहती है, अतः शीघ्र नष्ट होनेवाला उपयोगी साहित्य को बचा लेना आवश्यक है। इनका संग्रह कर के गुजराती या हिंदी अनुवाद सहित प्रकाशित करना हमारी प्रकाशन संस्थाओं का आवश्यक कर्तव्य है।

प्रकाशित कुलक।

प्रस्तुत लेख में दी जानेवाली सूची के २५० कुलकों में से लगभग ४० कुलक प्रकाशित भी हो चुके हैं अतः मेरे अवलोकन में जितने भी कुलक मूल, भाषानुवाद एवं टीका सहित प्रकाशित हो चूके हैं उनका परिचय नीचे दिया जा रहा है—

( १ ) जैन विद्याशाला से प्रकाशित प्रकरणमाला में निम्नोक्त कुलक साथै प्रकाशित है—

१ अभव्य कुलक गा. ९
२ पुण्य कुलक गा. १०
३ पुण्य पाप कुलक गा. १६ जिनकीर्ति
४ गौतम कुलक गा. २०
५ दानकुलक गा. २०
६ दान कुलक गा. २०
७ शील कुलक गा. २०
८ तप कुलक गा. २०
९ भाव कुलक गा. २१ देवेन्द्रसूरि
१० मिथ्यात्व कुलक गा. २६
११ आत्मकुलक गा. ४३ जयशेखर(सूरि)

( २ ) श्री जैनधर्म प्रसारक सभा से प्रकाशित क्षमाकुलकादि संग्रह में सानुवाद प्रकाशित—

१ क्षमाकुलक गा. २५
२ इंद्रियविकारनिरोध कुलक गा. ९

( ३ ) जैन श्रेयस्कर मंडल म्हेसाना प्रकाशित कुलक संग्रह में सानुवाद प्रकाशित—

१ गुरुप्रदक्षिणा कुलक गा. १८
२ संविज्ञसाधु योग्य नियम कुलक गा. ४७ सोमसुंदरसूरि
३ पुण्यप्रभावदर्शक पुण्य कुलक गा. १०
४ से ७ दानादि कुलक चतुष्टय
८ गुणानुराग गा. २८ जिनहर्ष.

( ४ ) आ. श्री सागरानंदसूरिजी संपादित इरियावहिषट्त्रिंशिकादि में

१ औष्ट्रिकमतोत्सूत्रोद्घाटन-कुलक गा. १८ धर्मसागर
२ उत्सूत्रोद्घाटन कुलक गा. ३० जिनदत्तसूरि
३ प्रव्रज्याभिधान कुलक गा. २८

(अपूर्ण)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારે ત્યાંથી મળી શકતા પુસ્તકોની સૂચિ.

[ બુકાકારે ]

| | |
|---|---|
| ઉપમિતિભવ૦ ભા. ૧-૨-૩-૪ | ૧૨-૮-૦ |
| ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત્ર પર્વ ૧-૯ | ૧૧-૦-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાગ ૧-૩-૪-૫ | ૯-૮-૦ |
| ,, ભાગ ૧ લો (હિંદી) | ૩-૦-૦ |
| જૈન કથારત્નકોષ ભાગ ૪ | ૪-૮-૦ |
| ,, ,, ભાગ ૬ | ૪-૮-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૧-૮-૦ |
| હિતશિક્ષાના રાસનું રહસ્ય | ૧-૮-૦ |
| તત્ત્વાર્થસૂત્ર (સુખલાલજી) | ૨-૦-૦ |
| ,, સવિવેચન (મુનિ રામવિજયજી) | ૩-૦-૦ |
| નિત્યસ્વાધ્યાયસંગ્રહ | ૩-૦-૦ |
| ભરતેશ્વરબાહુબલિવૃત્તિ | ૩-૦-૦ |
| કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ |
| શ્રી માણિભદ્રચરિત્ર | ૦-૧૨-૦ |
| સમસંધાન (મહાકાવ્ય) | ૪-૦-૦ |
| સાહિત્યશિક્ષામંજરી | ૧-૮-૦ |
| વૈરાગ્યશતક (સવિવેચન) | ૧-૦-૦ |
| ઈંદુદૂત (સટીક) | [illegible] |
| નિહ્નવવાદ | ૧-૦-૦ |
| પંચસંગ્રહ ભાગ ૧ લો | ૪-૮-૦ |
| ,, ,, ૨ જો | ૫-૦-૦ |
| પરિશિષ્ટ પર્વ ભાષાંતર | ૧-૮-૦ |
| ભુવનભાનુ કેવળીચરિત્ર | ૦-૮-૦ |
| યુરોપનાં સંસ્મરણો | ૧-૮-૦ |
| વિશ્વરચના પ્રબંધ | ૧-૮-૦ |
| વ્યાપારદર્શન | ૨-૮-૦ |
| શ્રાદ્ધદિનકૃત્ય | ૦-૧૨-૦ |
| સિદ્ધાંતમુક્તાવલિ | ૧-૦-૦ |
| શ્રી આદિનાથચરિત્ર | ૧-૮-૦ |
| આચારપ્રદીપ | ૧-૮-૦ |

| | |
|---|---|
| ઉપમિતિ પીઠબંધ ભાષાંતર | ૦-૧૨ |
| કચ્છગિરનારની મહાયાત્રા | ૧-૦-૦ |
| ગુણસ્થાનકમારોહ | ૦-૧૨-૦ |
| જૈનોના મહાન રત્નો | ૧-૪-૦ |
| જિનવિજયજી ચોવીશી-વીશી (સાર્થ) | ૦-૧૨-૦ |
| જંબૂસ્વામી ચરિત્ર | ૦-૧૨-૦ |
| જૈન ઐતિહાસિક રાસમાળા ભા. ૧ | ૦-૧૨-૦ |
| દેવવિનોદ | ૧-૦-૦ |
| દીનશુદ્ધિદીપિકા | ૧-૮-૦ |
| ધન્નાશાલિભદ્રરાસ | ૧-૮-૦ |
| નવતત્ત્વ પ્રકરણ (બાળાવબોધ) | ૦-૧૨-૦ |
| નમસ્કાર મહામંત્ર | ૦-૪-૦ |
| નવસ્મરણસંદોહ | ૦-૮-૦ |
| સ્યાદ્વાદમંજરી | ૩-૦-૦ |
| સ્નાત્રપૂજાકળશાદિ | [illegible] |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | [illegible] |
| તત્ત્વનિર્ણયપ્રાસાદ | ૪-૦-૦ |
| પ્રભાવિકપુરુષો ભાગ ૨ જો | [illegible] |
| આચારોપદેશ | [illegible] |
| આદિજિન પંચકલ્યાણક પૂજા | [illegible] |
| શ્રી ગિરનારજી તીર્થનો પરિચય | [illegible] |
| નયવાદ | [illegible] |
| શિવસુખ | [illegible] |
| આત્મવાદ | [illegible] |
| વિચારશ્રેણિ | [illegible] |
| પ્રવ્રજ્યાકુલક | [illegible] |
| પાક્ષિક અતિચાર | [illegible] |
| આહાર કોશલ્ય ભાગ ૧ તથા ૨ જો | [illegible] |
| નવપદજીની પૂજા (પદ્મવિજયજી) | ૦-૪- |
| બાર વ્રતની પૂજા | [illegible] |
| શાન્તિસુધારસ ચિત્ર | [illegible] |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

| | |
|---|---|
| પં. શ્રી વીરવિજયજી જીવનચરિત્ર | ૦-૨-૦ |
| શ્રી વૃદ્ધિચંદ્રજી જીવનચરિત્ર | ૦-૪-૦ |
| ઉપદેશસપ્તતિકા | ૦-૪-૦ |
| તીર્થંકરનામાવલિ | ૦-૪-૦ |
| સાદા ને સરલ પ્રશ્નોત્તર ભાગ ૨, ૩, ૪ (દરેકના) | ૦-૫-૦ |
| ગૌતમસ્વામી રાસ | ૦-૨-૦ |
| **[ પ્રતાકારે ]** | |
| આચારપ્રદીપ | ૧-૦-૦ |
| આરંભસિદ્ધિ | ૩-૦-૦ |
| અનેકાંતવ્યવસ્થા પ્રકરણ | ૧-૮-૦ |
| ઉપદેશમાળા સટીક | ૫-૦-૦ |
| ઉપદેશપદ મહાગ્રંથ ભા. ૧ | ૨-૦-૦ |
| ,, ,, ,, ૨ જો | ૪-૦-૦ |
| ઉપદેશતરંગિણી | ૩-૦-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાગ ૨ | ૩-૦-૦ |
| ઉપદેશ સાર્થ | ૨-૦-૦ |
| ઉપમીતિ પરિણામમાળા | ૦-૧૨-૦ |
| કલ્પસૂત્ર સુબોધિકા (દે. લા.) | ૪-૦-૦ |
| ગાંગેયભંગ પ્રકરણ | ૧-૮-૦ |
| ચઉસરણ આઉર પચ્ચખાણ | ૦-૮-૦ |
| જ્યોતિષ કરંડક | ૪-૦-૦ |
| ધન્નાશાલિભદ્ર મૂળ | ૧-૮-૦ |
| ધર્મપરીક્ષા | ૧-૮-૦ |
| નવતત્ત્વ સુમંગલા | ૧-૮-૦ |
| નલાયન | ૭-૦-૦ |
| નવપદ પ્રકરણ સ્વોપજ્ઞ લઘુવૃત્તિ | ૧-૮-૦ |
| નવપદ પ્રકરણ બૃહદ્ વૃત્તિ | ૪-૦-૦ |
| ન્યાયાલોક | ૧-૮-૦ |
| પાંડવ ચરિત્ર ભા. ૧ | ૪-૦-૦ |
| ,, ભા. ૨ | ૪-૦-૦ |
| પ્રજ્ઞાપના સૂત્ર ભા. ૧ | ૬-૮-૦ |
| ,, ,, ભા. ૨ | ૬-૮-૦ |
| ,, ,, ભા. ૩ | ૬-૮-૦ |
| લલિતવિસ્તરા | ૧-૮-૦ |
| વર્ધમાન દેશના ભાગ ૨ | ૨-૦-૦ |
| વાસુપૂજ્ય ચરિત્ર | ૫-૦-૦ |
| વિચારરત્નાકર | ૩-૦-૦ |
| વૈરાગ્યરસમંજરી | ૧-૦-૦ |
| વૈરાગ્યકલ્પલતા | ૭-૦-૦ |
| શાંતિનાથ ચરિત્ર | ૨-૧૨-૦ |
| સમવાયાંગ સૂત્ર | ૩-૮-૦ |
| સુબોધિકા કલ્પસૂત્ર | ૩-૦-૦ |
| સ્તુતિકલ્પલતા | ૧-૦-૦ |
| શ્રી ચંદ્રકેવલી ચરિત્ર | ૧-૪-૦ |
| શ્રીપાલ ચરિત્ર (રત્નશેખરવાળું) | ૪-૦-૦ |

# શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ—મૌક્તિક

જાણીતા પાશ્ચાત્ય વિદ્વાન ડૉ. બુહલરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ્યું છે ? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ બે આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.

For Private And Personal Use Only